RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 228* Date: 15.06.2020 * Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ૫ દિવસ ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગની આગાહી

# રાજ્યમાં 'ચોમાસા'ની વિધિવત્ એન્ટ્રી: વરસાદની ધમાકેદાર બેટિંગ

(જી.એન.એસ)ગાંધીનગર,તા.૧૪

કેરળમાં આ વખતે ચોમાસું ૧ જૂનના રોજ સમયસર પહોંચ્યાના. બે સપ્તાહમાં મેઘરાજાએ ગુજરાતમાં પણ સમયસર પધરામણી કરી હોય તેમ અમદાવાદ સહિત લગભગ સમગ્ર ગુજરાતમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઇ ગઇ હોવાના દ્રશ્યો સર્જાયા હતા. સમયસર વરસાદ આવી પહોંચતા જગતના તાત એવા ખેડૂત આલમમાં પણ ખુશીની લહેર જોવા મળી હતી. અમદાવાદ, સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાતમાં વડોદરા-દાહોદ વગેરેમાં વરસાદ નોંધાયો હતો. અમદાવાદમાં તો આજે વહેલી સવારે શહેરમાં વીજળીના કડાકા-ભડાકાની સાથે જોરદાર પડેલા વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઇ હતી છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં મધ્યમથી ભારે વરસાદ પડવાની આગાહી કરી છે. રવિવારે સવારે પડેલા વરસાદ સાથે સત્તાવાર રીતે ચોમાસું બેસી ગયું હોય તેમ જનમાનસમાં છાપ જોવા મળી હતી. ભારે વરસાદના કારણે રસ્તાઓ, ખેતરો સહિતની જગ્યાએ પાણી ભરાઈ ગયા હતા.

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતા હવામાન વિભાગે દર્શાવી છે. સાથે સાથે મધ્ય ગુજરાતમાં આગામી ૪૮ કલાક વરસાદી માહોલ રહેશે. અમદાવાદ, ગાંધીનગરમાં પણ ભારે વરસાદની આગાહી છે સાથે સાથે વલસાડ, નવસારી, ડાંગમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. વડોદરા અને સુરતમાં પણ ગાજવીજ સાથે વરસાદ પડશે.

ભાવનગર, ગીર સોમનાથ, પોરબંદરમાં ભારે વરસાદની શક્યતા છે. હવામાન વિભાગ દ્વારા સૌરાષ્ટ્રમાં ૫ દિવસ સુધી વરસાદની આગાહી કરી છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭૫ તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ ધંધુકામાં ૪ ઈંચ વરસાદ, ખેડામાં ૨ અને ગઢડામાં ૨ ઈંચ વરસાદ વરસ્યો હતો. દહેગામમાં ૩ ઈંચ વરસાદ નોધાયો છે. સાબરકાંઠાના તલોદમાં ૨.૪ અને અમદાવાદના સિટી વિસ્તારમાં



૨ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. ત્યારબાદ કચ્છ, વલસાડ, સુરત, આણંદ, અરવલ્લી, છોટા ઉદેપુર, મહેસાણા સહિતમાં અડધાથી એક ઈંચ જેટલો વરસાદ વર્સ્યો છે. કચ્છમાં નખત્રાનામાં સૌથી વધુ ૪૯ મી.મી વરસાદ પડ્યો છે. વરસાદ થતા અનેક વિસ્તારમાં પાણી ભરાયા છે. રસ્તા પર પાણી ભરાતા વાહન ચાલકોને પરેશાની થઈ રહી છે.

અમદાવાદમાં આજે રવિવારે પરોઢિયે અમદાવાદીઓ ઘસઘસાટ ઉંઘી રહ્યાં હતા ત્યારે આકાશમાં કાળાડિબાંગ વાદળો વચ્ચે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. જોરદાર પવન ફૂંકાયા બાદ આકાશમાં વીજળીના ચમકારા સાથે વરસાદ વરસી રહ્યો હતો. દિવસ દરમિયાન ભારે ઉકળાટ તેમજ બફારા પછી પડેલા અમી છાંટણાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઇ હતી. રવિવારે સવારે પડેલા વરસાદ સાથે સત્તાવાર રીતે ચોમાસું બેસી ગયું હોય તેમ પ્રાથમિક રીતે જણાતું હતું. અમદાવાદ શહેરમાં સવારે ૪થી ૫ વાગ્યા સુધીમાં એક કલાકમાં જ બે ઈંચ વરસાદ વરસ્યો હતો જેના કારણે વાસણા બેરેજના બે દરવાજા ખોલવામાં આવ્યા હતા. પાલિકાના પ્રિ-મોનસૂન પ્લાનને માત્ર ૨.૫ ઈંચ પડેલા વરસાદે ભૂવા ભેગો કરી નાખ્યો હતો. શહેરમાં ઠેરઠેર પાણી ભરાયા અને રીતસરના પાણીના તળાવો બની ગયા છે

ગાંધીનગર જિલ્લામાં પણ વરસાદી માહોલ જોવા મળ્યો હતો. ગાંધીનગર જિલ્લામાં વહેલી સવારે વીજળીના કડાકા અને ભારે પવન સાથે વરસાદ તુટી પડ્યો હતો. ગાંધીનગરમાં ભારે વરસાદના કારણે પાણી ભરાયા હતાં. કલોલ, ભાટ ગામ અને દહેગામમાં પણ વરસાદી માહોલ જોવા મળ્યો હતો.

સૌરાષ્ટ્રમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસી રહ્યો હોવાના અહેવાલ મળી રહ્યાં હતા. રાજકોટના જસદણ પંથકમાં સવારથી ધોધમાર વરસાદ વરસ્યો હતો. જસદણનાં કમળાપુર, લીલાપુર, કાળાસર, જસદણ, આટકોટ સહિતનાં ગામડામાં ધોધમાર વરસાદ વરસતા ઠેર ઠેર પાણી ભરાયા છે. તેમજ ખેતરોમાં પાણી ફરી વળ્યાં છે. વાવણી કર્યા પછી સારા વરસાદથી ખેડૂતો ખુશખુશાલ બન્યા છે. જસદણ પંથકમાં એક કલાકમાં એક ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. તેમજ ગોંડલ પંથકમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. રાજકોટમાં પણ વહેલી સવારે ધોધમાર વરસાદ વરસતા રસ્તાઓ પર પાણી ભરાયા હતા. ગઢડામાં બે કલાકમાં સવા ઈંચ વરસાદ નોંધાયો છે. બાબરા પંથકમાં બે ઈંચ વરસાદ નોંધાયો છે.

અમરેલી જિલ્લામાં સાર્વત્રિક વરસાદ વરસ્યો હતો. ખાંભાના રાયડી, સરાકડીયા, પાટી સહિતના ગામોમાં વરસાદ વરસ્યો હતો. તેમજ લાઠી, લીલીયા, કુકાવાવ, રાજુલા કોસ્ટસ સહિતના તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો. ધારી પંથકમાં ધીમી ધારે વરસાદ વરસ્યો હતો. સારા વરસાદથી અમરેલીની ખારો નદી બે કાંઠે વહેતી થઇ છે. ઉપરવાસમાં વરસાદને કારણે નદીમાં પૂર આવ્યું છે. રંગપુર, વડેરા રોડ કોઝવે પર પાણી ફરી વળ્યાં હતા. આથી વાહન વ્યવહાર ખોરવાયો હતો.

બાબરા તાલુકાના રાણપર નડાળા ગામે બે ઈંચ જેટલો વરસાદ વરસતા દેવાંગી નદીમાં ઘોડાપૂર આવ્યું હતું. તેમજ નાના-મોટા ચેકડેમો છલકાયા હતા. ઉના શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં પવન સાથે ધીમી ધારે વરસાદ વરસ્યો હતો. જયારે દીવમાં ધોધમાર વરસાદ વરસતા રસ્તાઓ પર પાણી ભરાયા હતા. વહેલી સવારથી કાળાં ડિબાંગ વાદળો વચ્ચે ગાજવીજ અને પવન સાથે વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઇ છે.

ગોંડલ શહેર અને પંથકમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. સવારથી જ વાદળછાંયા વાતાવરણ સાથે ભારે પવન ફુંકાયો હતો. ગોંડલ, મોવિયા, શ્રીનાથગઢ, દેરડીકુંભાજી સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વહેલી સવારે ધોધમાર વરસાદ વરસ્યો હતો. તેમજ શાપર-વેરાવળમાં પણ ભારે વરસાદ વરસ્યો હતો. વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસ્યો હતો. ધોધમાર વરસાદથી જગતનો તાત ખુશખુશાલ બન્યો છે.બે દિવસના વિરામ બાદ ફરી સમગ્ર બોટાદ જિલ્લામાં વહેલી સવારથી સાર્વત્રિક મેઘ મહેર જોવા મળી છે. બોટાદ, ગઢડા, રાણપુર, બરવાળામાં વરસાદ ધોધમાર વરસાદ વરસ્યો હતો. ગઢડામાં બે કલાકમાં સવા ઈંચ વરસાદ વરસતા રસ્તાઓ પર પાણી ભરાયા હતા.

ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા જિલ્લામાં મોડી રાતે સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો. ભારે પવન સાથે ધોધમાર વરસાદ ખાબકતાં ખેતરોમાં પાણી ભરાઈ ગયા હતાં. તલોદમાં અઢી ઈંચ, હિંમતનગર, વડાલી, ઈડર, પ્રાંતિજમાં એક-એક ઈંચ વરસાદ નોંધાયો હતો.

મહેસાણા જિલ્લામાં પણ સાર્વત્રિક વરસાદ જોવા મળ્યો હતો. કડીમાં એક ઈંચ, મહેસાણા શહેરમાં સવા ઈંચ, જોટાણામાં દોઢ ઈંચ, વડનગરમાં અડધો ઈંચ, વીજાપુરમાં પોણો ઈંચ નોંધાયો હતો. બહુચરાજીમાં ચંડોળા, સોનપુરા, મંડાલીમાં ધોધમાર વરસાદ નોંધાયો હતો. જયારે મંડાલી, શંખલપુરમાં વરસાદી પાણી ભરાયા હતા.

# બોલિવૂડના 'ધોની' સુશાંત સિંહ રાજપૂતે કર્યો આપઘાત

મુંબઈ,તા.૧૪

ટીવી એક્ટર અને બોલિવુડના અભિનેતા સુશાંત સિંહ રાજપૂતે આપઘાત કર્યો છે. તેણે મુંબઈના બાંદ્રા સ્થિત પોતાના જ ઘરમાં ફાંસી લગાવીને જીવન ટૂંકાવ્યું છે. સુશાંતસિહે એમ.એસ. ધોનીની બાયોપિકમાં કામ કર્યુ હતુ. તેના નોકરે પોલીસને તેનાં આપઘાત વિશે ફોન કરીને જાણ કરી હતી. તેના આપઘાત વિશે હજી કોઈ પણ કારણ સામે આવ્યુ નથી. ઘટના સ્થળે મુંબઈ પોલીસ તપાસ કરવા માટે પહોંચી હતી. તેમણે ઘટના સ્થળની મુલાકાત લઈને વધુ તપાસ હાથ ધરી છે. કોઈને માન્યામાં ન આવે તેવા આ સમાચારથી સમગ્ર ફિલ્મ જગત અને ફિલ્મી ચાહકો સ્તબ્ધ છે. સુશાંતે શા માટે આત્મહત્યા કરી




તેનું કારણ હજુ સુધી સામે આવ્યું નથી. સુશાંત સિંહ રાજપૂતે કિસ દેશ મે હે મેરા દિલ નામની ડેઈલી સોપમાં સૌ પ્રથમ કામ કર્યુ હતુ. પરંતુ ત્યારબાદ એક્તા કપૂરની સીરિયલ પવિત્ર રિશ્તાથી તેને ઓળખાણ મળી.ત્યારબાદ સુશાંત સિંહને ફિલ્મોમાં કામ મળવા લાગ્યું હતુ. સુશાંત સિંહે ક્રિકેટર મહેન્દ્ર સિંહ ધોનીની બાયોપિકમાં તેનો કિરદાર નિભાવ્યો હતો. ત્યારબાદ તેણે ગુજરાતી બ્રેકગ્રાઉન્ડવાળી કાયપો છે ફિલ્મમાં, પરિણીતા ચોપરા સાથેની શુદ્ધ દેસી રોમાન્સ ફિલ્મ, સારા અલી ખાન સાથેની કેદારનાથ ફિલ્મમાં પણ કામ કર્યુ હતુ. મહત્વનું છે કે અભિનેતા સુશાંતસિંહે એમ એસ ધોની, કાઈ પો છે, છીછોરે, કેદારનાથ, જેવી ફેમસ ફિલ્મમાં કામ કર્યું છે. ટીવી પર કારકિર્દીની શરૂઆત કરનાર સુશાંત સિંહ રાજપૂતે તાજેતરનાં વર્ષોમાં મોટા પડદા પર પોતાની નોંધપાત્ર હાજરી નોંધાવી હતી. સુશાંતે ડિટેક્ટીવ વ્યોમકેશ બક્ષી, એમએસ ધોનીઃ ધ અનટોલ્ડ સ્ટોરી કઇ પો ચે અને છીછોરે જેવી કેટલીક ફિલ્મોમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.સુશાંત સિંહ રાજપૂતે તેની કારકિર્દીની શરૂઆત ટીવી સિરિયલો દ્વારા કરી હતી. મોટા પડદાની સાથે નાના પડદા પર પણ તેની ફેન ફોલોવિંગ ખૂબ જ હતી. પવિત્ર રિશ્તા તેમની સૌથી પ્રખ્યાત સિરિયલ રહી છે. સિરિયલ પવિત્ર રિશ્તા બાદ તે ટીવી જગતનો ખૂબ જ લોકપ્રિય એક્ટર બની ગયો હતો. મહત્વનું છે કે પવિત્ર રિશ્તામાં કામ કરતી તેની કો સ્ટાર અને અભિનેત્રી અંકિતા લોખંડે સાથે તેનું રિલેશન પણ જગ જાહેર હતું. પરંતુ થોડા વર્ષો બાદ બન્નેના સંબંધમાં તિરાડ પડી અને બંન્ને અલગ થઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક સમયમાં બોલિવૂડની અનેક હસ્તીઓએ આ દુનિયાને અલવિદા કહી દીધી છે. ઈરફાન ખાન અને ઋષિ કપૂર જેવા દિગ્ગજ કલાકારોનું એપ્રિલ મહિનામાં અવસાન થયું. તાજેતરમાં જ ગાયક અને સંગીતકાર સંગીતકાર વાજિદ ખાનનું ૪૨ વર્ષની વયે અવસાન થયું છે. આ સિવાય વરિષ્ઠ ગીતકાર યોગેશ ગૌરે પણ ગયા મહિને આ દુનિયાને અલવિદા કહી દીધી હતી.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૫૧૧**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૩૫૯૦**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૨૯**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૪૪૨**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૧૬૩૩૩**

### ટ્રમ્પે નિભાવ્યુ વડાપ્રધાન મોદીને આપેલુ વચન

# કોરોના જંગઃ અમેરિકાથી ૧૦૦ વેન્ટિલેટર આજે ભારત આવશે

ન્યુ દિલ્હી,તા.૧૪

કોરોનાથી જંગથી મદદ માટે અમેરિકાથી ૧૦૦ વેન્ટિલેટર સોમવારે ભારત પહોંચશે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વચન બાદ આ વેન્ટિલેટરોનું બેસબ્રીથી રાહ થઈ ગયુ હતુ. ઉચ્ચ તકનીકી વાળા આ વેન્ટિલેટરોને અમેરિકી ફર્મ જૉલે બનાવ્યુ છે અને શિકાગોથી ભારત મોકલવામાં આવી રહ્યા છે.

કેન્દ્ર સરકારના વરિષ્ઠ અધિકારીએ શનિવારે જણાવ્યુ કે પહેલા જથ્થામાં ૧૦૦ વેન્ટિલેટર એક ઈન્ડિયાના વિમાનથી ભારત પહોંચશે. અહીં આવ્યા બાદ આઈઆરસીએસમાં એક નાનુ ઉદ્ઘાટન સમારોહ હશે.

જે બાદ વેન્ટિલેટર હોસ્ટિપલમાં વહેંચવામાં આવશે. ડોનાલ્ડ ટ્રમ્પે ૧૬ મે એ ટ્વીટર લખ્યુ હતુ, મને એ વાત જણાવતા ગર્વ થઈ રહ્યો છે કે અમેરિકા પોતાના મિત્ર ભારતને મહામારી સામેની લડતમાં મદદ માટે વેન્ટિલેટર દાન કરશે. અમે આ મુશ્કેલ સમયમાં ભારત અને નરેન્દ્ર મોદી સાથે ઉભા છીએ.

અમે વેક્સિન બનાવવામાં પણ એકબીજાનો સહયોગ કરી રહ્યા છીએ. અમે બંને મળીને આ અદ્રશ્ય દુશ્મનને માત આપીશુ. ટ્રમ્પના આ ટ્વીટના જવાબમાં પીએમ મોદીનો આભાર પ્રકટ કરતા લખ્યુ હતુ, આવા મુશ્કેલ સમયમાં રાષ્ટ્રો માટે એકત્રા થવુ જરૂરી છે જેથી અમે વિશ્વને સ્વસ્થ અને કોરોના મુક્ત બનાવી શકીએ.

### નાગરિકોને પોતાના અભિપ્રાય આપવા આહ્વાન કર્યું

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૮મી જૂને મન કી બાત થકી દેશને સંબોધશે

ન્યુ દિલ્હી,તા.૧૪

દેશ કોરોના વાયરસના સંકટથી પસાર થઇ રહ્યો છે. કોરોના વાયરસને રોકવા માટે લોકડાઉન કરવામાં આવ્યું પણ હજુ કોરોના વાયરસ રોકાવાનું નામ નથી લેતો, જૂન મહિનાની શરૂઆતથી જ કોરોના વાયરસ રેકોર્ડ તોડી રહ્યો છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૮મી જૂને મન કી બાતના માધ્યમથી દેશને સંબોધિત કરશે.રવિવારે સવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને જાણકારી આપતા કહ્યું આ મહીને મન કી બાત ૨૮મી તારીખે થશે. પણ આ ટ્વીટની સાથે તેમણે દેશના નાગરિકોને એક અપીલ પણ કરી. વડાપ્રધાન મોદીએ દેશના નાગરિકોને પોતાના અભિપ્રાય



આપવા આહ્વાહન કર્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને કહ્યું કે આ મહીને મન કી બાત ૨૮મી તારીખે થશે. જોકે હવે તો બે જ સપ્તાહ બાકી છે છતાં તમે બધા પોતપોતાના અભિપ્રાય આપો અને વિચારો કહો જેથી વધુમાં વધુ જાણકારી સામે આવશે. મને ખબર છે કે તમારા બધા પાસે કોરોના વાયરસ સામે જંગ અને અન્ય વિષયો પર કહેવા માટે ઘણું બધું છે. અન્ય એક ટ્વીટમાં પીએમ મોદીએ કહ્યું કે તમારા વિચારો જ મન કી બાત કાર્યક્રમની સૌથી મોટી તાકાત છે, તમે બધાએ તેમાં ૧૩૦ કરોડ નાગરિકોની શક્તિ બતાવી છે. કોરોના વાયરસ સામે જંગ લડી રહેલા ભારતીયો માટે ૧૮૦૦-૧૧-૭૮૦૦ નંબર પર પોતાનો મેસેજ રેકોર્ડ કરીને આપી શકે છે અથવા તો નમો એપના માધ્યમથી પણ પીએમ મોદીને સંદેશ આપી શકાય છે. નોધનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૬ અને ૧૭મી જૂને કોરોના વાયરસ મુદ્દે દેશભરના મુખ્યમંત્રીઓ સાથે ચર્ચા કરવાના છે. આ ચર્ચા વીડિયો કોન્ફરેન્સિગના માધ્યમથી કરવામાં આવશે.

# પાકિસ્તાનની નફ્ફટાઈ: પૂંછ સેક્ટરમાં ફાયરિંગ, ૧ જવાન શહિદ, ૨ ઘાયલ

શ્રીનગર,તા.૧૪

જમ્મુ-કાશ્મીરના પુંછ સેક્ટરમાં પાકિસ્તાન તરફથી સવારથી જ ફાયરિંગ કરવામાં આવી રહ્યું છે. પાકિસ્તાન તરફથી કરવામાં આવેલા ફાયરિંગમાં એક જવાન શહીદ ઈ ગયો છે જ્યારે બે જવાન ગંભીર રીતે ઘાયલ થયા છે. ઘાયલ જવાનોને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પાકિસ્તાન તરફથી યુદ્ધવિરામનું સતત ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે.ળતી જાણકારી મુજબ, પાકિસ્તાન તરફથી સવારથી જ પુંછ જિલ્લાના કિરની સેક્ટરના શાહપુરની પાસે નિયંત્રણ રેખા પર ફાયરિંગ કરવામાં આવી રહ્યું છે.

પાકિસ્તાન તરફથી ચાલુ ફાયરિંગની ઝપટમાં આવવાથી એક જવાન શહીદ થઈ ગયો છે, જ્યારે બે ગંભીર રીતે ઘાયલ થયા છે. મળતી માહિતી મુજબ, પાકિસ્તાન તરફથી ભારતીય ઠેકાણાઓ પર મોર્ટારથી પણ હુમલો કરવામાં આવ્યો છે. ભારતીય સેના પણ પાકિસ્તાનની દરેક ગોળીનો જવાબ આપી રહી છે.આ અગાઉ પણ રાજૌરીના મંજાકોટ વિસ્તારમાં પાકિસ્તાન તરફથી કરવામાં આવેલી ફાયરિંગમાં જવાન શહીદ થયો હતો. આ ઉપરાંત એક સ્થાનિક નાગરિક પણ પાક. ફાયરિંગમાં ઘાયલ થયો છે. નોંધનીય છે કે, નિયંત્રણ રેખા પર છેલ્લા થોડાક સમયથી પાકિસ્તાની સેના તરફથી ભારે ફાયરિંગ કરવામાં આવી રહ્યું છે. જેનો ભારતીય સેના જડબાતોડ જવાબ આપી રહી છે.

## તંત્રી સ્થાનેથી...

# કોરોના મુદ્દે સુપ્રીમની સક્રિયતા સરાહનીય

દેશમાં લૉકડાઉન લદાયું તેના કારણે કોરોના કાબૂમાં આવી જશે એવી ધારણા હતી, પણ એ ધારણા ફળી નથી. લૉકડાઉન હટાવી લેવાયું એ પછી કોરોનાના કેસો સતત વધી રહ્યા છે ને મૃત્યુઆંક પણ વધી રહ્યો છે. આપણા શાસકો સાવ મતિમૂઢ થઈ ગયા હોય એવી સ્થિતિમાં છે ને કોરોનાને કાબૂમાં લેવા શું કરવું તેની ગતાગમ જ તેમને પડતી નથી. આ માહોલમાં સુપ્રીમ કોર્ટે લાલ આંખ કરી છે ને દેશની રાજધાની દિલ્હીમાં વધી રહેલા કોરોનાના કેસોના મામલે શુક્રવારે અરવિંદ કેજરીવાલ સરકારને તતડાવી નાખી. સુપ્રીમ કોર્ટે તો ત્યાં લગી કહી દીધું કે, દિલ્હીમાં કોરોનાના દર્દીઓ સાથે જાનવરો કરતાં પણ ખરાબ વ્યવહાર કરવામાં આવે છે.સુપ્રીમે તેના દાખલા પણ આપ્યા છે. એક કિસ્સામાં મૃતદેહ કચરાપેટીમાં મળેલો તેનો સુપ્રીમે ઉલ્લેખ કર્યો છે. હૉસ્પિટલમાં દર્દીઓ મરી રહ્યા હોય ને તેમના તરફ ધ્યાન આપવા કોઈ હાજર જ ના હોય એવા કિસ્સા પણ સુપ્રીમે ટાંક્યા છે. મુંબઈ ને ચેન્નાઈની સરખામણીમાં દિલ્હીમાં કોરોનાના ટેસ્ટ ઓછા થાય છે એ વાતની નોંધ લઈને સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, દિલ્હીમાં સ્થિતિ ભયંકર, ડરામણી ને દયનીય છે. સુપ્રીમ કોર્ટે આ મામલે દિલ્હી સરકાર ને કેન્દ્ર પાસે જવાબ માગ્યો છે. સુપ્રીમ કોર્ટે દિલ્હી, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ અને તમિળનાડુ એ ચાર રાજ્યો પાસેથી હૉસ્પિટલોની સ્થિતિ વિશે પણ અહેવાલ માગ્યો છે.સુપ્રીમનું વલણ બરાબર છે, પણ તેણે પોતાનો ગુસ્સો ને આક્રોશ માત્ર ચાર રાજ્યો પૂરતો મર્યાદિત ના રાખતાં દેશનાં બધાં રાજ્યો પાસે જવાબ માગવો જોઈએ. દેશમાં કોરોનાના કેસોમાં મહારાષ્ટ્ર અને તમિળનાડુ પછી દિલ્હી ત્રીજા નંબરે છે, જ્યારે પશ્ચિમ બંગાળ બહુ પાછળ છે અને છેક આઠમા નંબરે છે. આ યાદીમાં ચોથા નંબરે ગુજરાત છે, જ્યારે પાંચમા નંબરે ઉત્તર પ્રદેશ, છઠ્ઠા નંબરે રાજસ્થાન અને સાતમા નંબરે મધ્ય પ્રદેશ છે. સુપ્રીમ કોર્ટે આ ચાર રાજ્યોને બાજુ પર મૂકીને સીધો આઠમા નંબરના રાજ્ય પાસેથી રિપોર્ટ માંગ્યો છે.

પશ્ચિમ બંગાળમાં તો કોરોનાના કેસ હજુ દસ હજારને પાર નથી થયા ને મૃત્યુઆંક પણ પાંચસોને પાર નથી થયો ત્યારે પશ્ચિમ બંગાળમાં કોરોનાની સારવારમાં લાલિયાવાડી ચાલે છે એવું માનવાનું કારણ શું?આપણને સુપ્રીમ કોર્ટ પશ્ચિમ બંગાળ પાસે જવાબ માગે તેની સામે કંઈ વાંધો નથી. બંગાળમાં બધું ટનાટન ચાલે છે ને કોરોનાની સારવારમાં કોઈ ફરિયાદ નથી એવું કહેવાનો પણ આશય નથી. એવું લાગતું હોય તો સુપ્રીમ કોર્ટ તેની પાસેથી જવાબ માગી જ શકે, પણ બંગાળ કરતાં જ્યાં વધારે કેસો છે એવાં રાજ્યોનો પણ જવાબ માગવો જ જોઈએ.ઉત્તર પ્રદેશ બહુ મોટું રાજ્ય છે ને ત્યાં બીજાં રાજ્યોમાંથી પણ થોકબંધ પ્રમાણમાં કામદારો આવ્યા છે. એ છતાં ઉત્તર પ્રદેશમાં કોરોનાના કેસોની સંખ્યા માંડ બારેક હજારની આસપાસ છે. ઉત્તર પ્રદેશમાં કોરોનાના કારણે થયેલાં મોતનો આંકડો પણ ૪૦૦ને પાર નથી થયો. તબલીગી જમાતના કારણે ચેપ લાગવાનો ખતરો ઉત્તર પ્રદેશમાં સૌથી વધારે હતો ને એ છતાં ઉત્તર પ્રદેશમાં કોરોના કાબૂમાં રહ્યો એ મોટી વાત છે. દેશમાં સૌથી મોટું રાજ્ય હોવાથી કોરોનાનો ખતરો સૌથી વધારે ઉત્તર પ્રદેશમાં હતો છતાં ત્યાં કોરોનોના કાળો કેર નથી વર્તાયો. યોગી આદિત્યનાથે બીજું કંઈ સારું કર્યું હોય કે ના કર્યું હોય પણ કોરોનાને કાબૂમાં લેવા તો સારું કામ કર્યું જ છે. યોગીએ રીતસર ડંડો જ ચલાવ્યો ને જેણે પણ માથું ઊંચકવાની કોશિશ કરી તેમને દબાવી દીધા. તેના કારણે તેમના પર કોમવાદી હોવાના આક્ષેપ થયા ને બીજી ગાળો પણ પડી, પણ યોગીએ મચક આપ્યા વિના ધડબડાટી ચાલુ રાખી તેમાં ઉત્તર પ્રદેશમાં કોરોના દબાઈ ગયો. યોગીની આ માટે પીઠ થાબડવી પડે, પણ બાકીનાં ત્રણ રાજ્યો વિશે એવું કહી શકાય તેમ નથી.મધ્ય પ્રદેશ, રાજસ્થાન ને ગુજરાતમાં કોરોના બેકાબૂ છે. કોરોનાના કેસો દિવસે ના વધે એટલા રાતે વધે છે ને રાતે ના વધે એટલા દિવસે વધે છે. મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને ગુજરાતમાં કોરોનાના કેસોનો આંકડો ક્યારનોય બાર હજારને પાર થઈ ગયો છે. આ ત્રણેય રાજ્યો ઉત્તર પ્રદેશ કરતાં ત્રીજા ભાગથી પણ ઓછો વિસ્તાર ને વસતિ ધરાવે છે છતાં ઉત્તર પ્રદેશ કરતાં વધારે કેસો નોંધાયા છે તેના પરથી જ આ રાજ્યોમાં કોરોનાનો કેર કેવો છે તેની ખબર પડે.રાજસ્થાને તો કોરોનાના વધતા કેસોના કારણે બીજાં રાજ્યોમાંથી લોકો આવે નહીં એટલા માટે બીજાં રાજ્યો સાથેની બોર્ડર સુધ્ધાં સીલ કરી દીધી છે. મધ્ય પ્રદેશમાં પણ આ જ હાલત છે ને ત્યાં પણ કોરોનાના કેસો સતત વધતા જ જાય છે. ગુજરાતની તો વાત જ થાય એમ નથી. બલકે એમ કહી શકાય કે આ ત્રણેય રાજ્યોમાં સૌથી વધારે ખરાબ હાલત ગુજરાતની જ છે. ગુજરાતમાં રોજ સવાર પડે ને પાંચસોથી વધારે નવા કેસ નોંધાય છે ને ત્રીસ-ચાલીસ લોકો તો રમતાં રમતાં ઢબી જાય છે. ગુજરાત માટે તો શરમજનક વાત એ છે કે, દેશમાં કોરોનાના કારણે થતાં મૃત્યુઆંકમાં ગુજરાત મહારાષ્ટ્ર પછી બીજા નંબરે છે. દેશમાં ત્રણ જ રાજ્યોમાં મૃત્યુઆંક એક હજારને પાર થયો છે. મહારાષ્ટ્ર તેમાં પહેલા નંબરે છે ને ગુજરાત બીજા નંબરે છે, જ્યારે દિલ્હી ગુજરાત પછી ત્રીજા નંબરે છે. મહારાષ્ટ્ર તો બહુ આગળ જતું રહ્યું છે, પણ ગુજરાત બીજા બધાં રાજ્યોને ટપી જાય છે. સરકારી આંકડા પ્રમાણે જ ગુજરાતમાં શુક્રવાર લગીમાં ૧૩૮૫ લોકોનાં મોત થઈ ગયેલાં, જ્યારે દિલ્હીમાં ૧૦૮૫ મૃત્યુઆંક છે.સુપ્રીમ કોર્ટે દિલ્હી સરકારને જે ઘટનાઓ માટે ખખડાવી છે એવી ઘટનાઓ ગુજરાતમાં પણ થોકબંધ બની છે. ગુજરાતમાં કોરોનાની સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાયેલી મહિલાનો મૃતદેહ કેટલાય કિલોમીટર દૂર રઝળતો મળ્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૫/૦૬/૨૦૨૦, સોમવાર, જેઠ વદ-૧૦
સૂર્યોદય-૬-૦૪, સૂર્યાસ્ત-૭-૩૦, જૈન નવકારશી-૭-૫૧,
આજની રાશિ : મેષ (અ.લ.ઈ.), નક્ષત્રઃ રેવતી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**
૬-૦૪થી અમૃત-૭-૪૫ સુધી, ૯-૨૭ થી શુભ-૧૧-૦૭ સુધી, ૧૪-૨૮થી ચલ-લાભ-અમૃત-ચલ-૨૦-૫૦ સુધી, ૨૩-૨૮થી લાભ-૨૪-૪૯ સુધી

**- શુભ હોરા-**
૬-૦૪ થી ૭-૧૧ સુધી, ૮-૧૮થી ૯-૨૬ સુધી, ૧૧-૪૦ થી ૧૫-૦૨ સુધી, ૧૬-૦૯થી ૧૭-૧૭ સુધી

### અમરેલી શહેર વિસ્તારમાં શરીર સબંધી તેમજ હથીયાર સબંધીના અનેક ગુન્હામાં સંડોવાયેલ

# કુખ્યાત ઈસમ ઈરફાન ઉર્ફે ટાલ્કીને પકડી મજકૂર વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરતી અમરેલી સીટી પોલીસ ટીમ



અમરેલી જીલ્લામાં લુખ્ખા તત્વોનો આતંક ડામવાના અર્થે તકેદારીના ભાગરૂપે અમરેલી જીલ્લામાં સુલેહ શાંતિ જળવાય રહે જે અનુસંધાને ચુસ્તપણે અમલવારી કરાવવા માટે જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી નિર્લિપ્ત રાય સાહેબ તેમજ નાયબ પોલીસ અધિક્ષક શ્રી એમ.એસ.રાણા સાહેબ તેમજ અમરેલી સીટી પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેક્ટર વી.આર ખેરનાઓએ સખત સુચના અને માર્ગદર્શન આપેલ હોય,

અમરેલી સીટી પો.સ્ટે. ગુ.ર.નં ૧૧૧૯૩૦૦૩૨૦૧૦૮૯/૨૦૨૦ ઈપીકો ક. ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો ગુન્હો ગઈ તા. ૧૨/૦૬/૨૦૨૦ના ક. ૨૧/૩૦ વાગ્યે રજી. થયેલ હોય જે ગુન્હાના આરોપી તરીકે ઈરફાન ઉર્ફે ટાલ્કી રહે. અમરેલી વાળો હોય જેને અટક કરવાનો બાકી હોય જેથી પો.સ.ઈ એમ.એચ પરાડીયા તથા અના. હે.કો નિલેશભાઈ વી. લંગાળીયા તથા લોકરક્ષક દેવાંગભાઈ ધર્મેશભાઈ એ રીતેના આ ઈરફાન ટાલ્કી અંગે તપાસ કરતા જાણવા મળેલ કે આ ઈરફાન ઉર્ફે ટાલ્કી એટલે ઈરફાન ઉર્ફે ટાલ્કી મહમદભાઈ ખીમાણી રહે. મોટા કસ્બાવાડ, માઈ સરોવરમા ની દરગાહ પાસે રહેતો હોય જેથી તુરંત જ ઉપરોક્ત પો.સ્ટાફ સાથે મજકુર આરોપીના ઘરે તપાસ કરવા જતા ઈરફાન ઉર્ફે ટાલ્કી મહમદભાઈ ખીમાણી તેના ઘરની બહાર ઉભો હોય જે અગાઉ ઘણા ગુન્હામાં પકડાયેલ હોય જેથી પોલીસને જોઈને નાસી જવા પ્રયાસ કરતા તુરંત જ તેને રોકી અને તે અગાઉ શરીર સબંધી અને હથીયારોના કેસમાં પકડાયેલ હોય જેથી તેની પાસે કોઈ હથીયાર હોવાની શંકા હોય જેથી તુરંત મજકૂર ઈસમની અંગઝડતી કરતા મજકુર ઈસમના પાછળના કમરના ભાગે પેન્ટમાં એક દેશી તમંચા જેવા આકારનુ હથીયાર મળી આવેલ હોય તેમજ દેશી તમંચાને ખોલી તપાસ કરતા તમંચામાંથી એક જીવતો કાસતૂસ મળી આવેલ હોય જે પોતાના કબ્જામાં લાયસન્સ વગર પ્રતિબંધીત શસ્ત્ર દેશી બનાવટનો તમંચો તથા એક જીવતો કારતૂસ પોતાના કબ્જામાં રાખી આ હથીયાર માચીયાળા ગામના દરબાર અજાણ્યા શખ્સ જેની પાસે હથીયાર વેચવાનુ લાયસન્સ નથી તેની પાસેથી ખરીદી છુપી રીતે સરકારી બસમાં કંડક્ટરને જાણ ન થાય તે રીતે માચીયાળાથી અમરેલી લાવેલ હોય તો મજકૂર ઈસમ વિરૂદ્ધમાં અમરેલી સીટી પો.સ્ટે. શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ની કલમ ૭, ૨૫(૧-એ), ૨૫(૧-એ,એ), ૨૫(૧-બી)(એ), ૨૬(૧), ૨૯(એ), તથા જી.પી એક્ટ કલમ ૧૩૫ મુજબનો ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરેલ છે.

પકડાયેલ ઈસમઃ-

ઈરફાન ઉર્ફે ટાલ્કી મહમદભાઈ ખીમાણી ઉ.વ.૪૦ ધંધો-મજૂરી રહે.અમરેલી મોટા કસ્બાવાડ, માઈ સરોવરમા ની દરગાહ પાસે તા.જી.અમરેલી

રિપોર્ટર..... ભરતભાઈ ખુમાણ અમરેલી

# ૨૪ કલાકમાં અધધ..૧૨ હજાર પોઝિટિવ કેસ, ૩૧૧ના મોત

**ન્યુ દિલ્હી,તા.૧૪**

કોરોના મહામારીએ બીજા તહક્કાના લોકલ ટ્રાન્મિશન બાદ હવે જાણે કે ત્રીજા તબક્કાના કોમ્યુનિટી ટ્રાન્મિશનની વાટ પકડી હોય તેમ કેસોમાં સતત વધારો થઇ રહ્યો છે. જો કે સત્તાવાળાઓ હજુ પણ કોમ્યુનિટી ટ્રાન્મિશનના ખતરનાક તબક્કાનો સતત ઈક્રાર કરી રહ્યાં છે. તો આજે રવિવારે સવારે પૂરા થયેલા છેલ્લાં ૨૪ દરમ્યાન કોરોના વાયરસના કેસમાં રેકોર્ડ વધારારૂપે ૧૨,૦૩૧ કેસો બહાર આવ્યાં હતા. અને ૩૧૧ લોકોના મોત નોંધાયા હતા. તે સાથે કુલ મૃત્યું પામેલા લોકોની સંખ્યા વધીને ૯,૧૯૫ થઈ હતી. તે સાથે જ દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા વધીને ૩ લાખ ૨૧ હજાર ૬૨૬ થઈ ગઈ છે. શનિવારે એક દિવસમાં સૌથી વધારે ૧૨ હજાર ૩૧ નવા કેસ આવ્યા હતા. બીજી બાજુ દિલ્હીમાં કોરોનાના સતત વધી રહેલા કેસને જોતા સરકારે ૧૦થી ૪૯ બેડની ક્ષમતાવાળી તમામ મલ્ટીસ્પેશ્યાલિટી નર્સિંગ હોમને કોવિડ-૧૯ નર્સિંગ હોસ્પિટલ જાહેર કરી છે. સરકારના જણાવ્યા પ્રમાણે આ નર્સિંગ હોમે ૩ દિવસની અંદર કોરોનાના દર્દીને દાખલ કરવા પોતાને તબીબી સુવિધાથી સજ્જ કરવાની રહેશે. આદેશનું પાલન નહીં કરનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. દરમ્યાન, વડાપ્રધાન નરેન્દ્ર મોદી મુખ્યમંત્રીઓ સાથે ફરીથી વિડિયો બેઠક યોજવાના છે ત્યારે તેમાં વધતાં કેસોના સંદર્ભમાં કડક પગલા અંગે ચર્ચા થઇ શકે તેમ છે.

બીજી બાજુ દિલ્હીમાં કોરોનાની સ્થિતિ અંગે ગૃહ પ્રધાન અમિત શાહ, મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, LG અનિલ બૈજલ સાથે આજે સવારે ૧૧ વાગે બેઠક યોજાઇ હતી. તેમા આરોગ્ય પ્રધાન હર્ષવર્ધન પણ હાજર રહ્યાં હતાં,. દિલ્હીમાં શનિવારે ૨,૧૩૪ દર્દી વધ્યા હતા. અત્યાર સુધીમાં રાજધાનીમાં સંક્રમિતોની સંખ્યા ૩૮ હજાર ૯૫૮ થઈ છે.

# જસદણમાં ૧ ઈંચ, ગોંડલ અને રાજકોટમાં ધોધમાર, ગઢડામાં સવા ઈંચ વરસાદ ખાબક્યો

રાજકોટ,તા.૧૪

સૌરાષ્ટ્રમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. સવારે ૭.૪૫ વાગે ભારે પવન ફૂંકાયો હતો બાદમાં ગાજવીજ સાથે વરસાદ વરસી રહ્યો છે. રાજકોટના જસદણ પંથકમાં સવારથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. જસદણનાં કમળાપુર, લીલાપુર, કાળાસર, જસદણ, આટકોટ સહિતનાં ગામડામાં ધોધમાર વરસાદ વરસતા ઠેર ઠેર પાણી ભરાયા છે. તેમજ ખેતરોમાં પાણી ફરી વળ્યાં છે. વાવણી કર્યા પછી સારા વરસાદથી ખેડૂતો ખુશખુશાલ બન્યા છે. જસદણ પંથકમાં એક કલાકમાં એક ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. તેમજ ગોંડલ પંથકમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. રાજકોટમાં પણ વહેલી સવારે ધોધમાર વરસાદ વરસતા રસ્તાઓ પર પાણી ભરાયા હતા. ગઢડામાં બે કલાકમાં સવા ઈંચ વરસાદ નોંધાયો છે. બાબરા પંથકમાં બે ઈંચ વરસાદ નોંધાયો છે.અમરેલી જિલ્લામાં સાર્વત્રિક વરસાદ વરસ્યો હતો. ખાંભાના રાયડી, સરાકડીયા, પાટી સહિતના ગામોમાં વરસાદ વરસ્યો હતો. તેમજ લાઠી, લીલીયા, કુકાવાવ, રાજુલા કોસ્ટસ સહિતના તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો. ધારી પંથકમાં ધીમી ધારે વરસાદ વરસ્યો હતો. સારા વરસાદથી અમરેલીની ખારો નદી બે કાંઠે વહેતી થઇ છે. ઉપરવાસમાં વરસાદને કારણે નદીમાં પૂર આવ્યું છે. રંગપુર, વડેરા રોડ કોઝવે પર પાણી ફરી વળ્યાં હતા. આથી વાહન વ્યવહાર ખોરવાયો હતો. બાબરા તાલુકાના રાણપર નડાળા ગામે બે ઈંચ જેટલો વરસાદ વરસતા દેવાંગી નદીમાં ઘોડાપૂર આવ્યું હતું. તેમજ નાના-મોટા ચેકડેમો છલકાયા હતા. તાલુકાના અન્ય ગામોમાં નિલવાડામાં એક કલાકમાં બે ઈંચ, ઉંટવડમાં દોઢ ઈંચ, ઘુઘરાળામાં દોઢ ઈંચ, કોટડાપીઠામાં એક ઈંચ વરસાદ નોંધાયો છે.

# આજે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ

ગાંધીનગર,તા.૧૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે, આવતીકાલે ધોરણ-૧૨નું સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવશે. જેમાં ૫.૨૫ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા બેઠા હતા.આજે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાય લક્ષી પ્રવાહ, ઉ .બુનિયાદી પ્રવાહ અને સંસ્કૃત માધ્યમની માર્ચ ૨૦૨૦નું પરિણામ જાહેર થશે. સોમવારે પરિણામ ઓનલાઈન જાહેર કરવામાં આવશે. સવારે ૮ વાગે બોર્ડની વેબસાઈટ www. gseb. org પર જોઈ શકાશે. આ પહેલા ધોરણ.૧૦ બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જે રાજ્યભરમાં ૬૦.૬૪ ટકા રહ્યું હતું. ગત વર્ષ કરતા આ લગભગ ૫ ટકા ઓછું પરિણામ હતું. જ્યારે ધોરણ ૧૨ સાયન્સના પરિણામની વાત કરીએ તો રાજ્યભરમાં ધોરણ-૧૨ સાયન્સનું ૭૧.૩૪ ટકા પરિણામ નોંધાયું હતું. તાજેતરમાં જ ધોરણ ૧૨ સાયન્સ અને ધોરણ ૧૦નું પરિણામ જાહેર થઈ ગયું હતું. જેના બાદ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના પરિણામની રાહ જોવાઈ રહી હતી. જેથી આવતીકાલે વિદ્યાર્થીઓ માટે મોટો દિવસ બની રહેશે.

# મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને ગાંધીનગરમાં યોજાઇ બેઠક નાયબ મુખ્યમંત્રીશ્રી સહિત મંત્રીઓ ઉપસ્થિત રહ્યા

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ વૈશ્વિક મહામારી કોવિડ-૧૯ના કારણે ઉદભવેલી પ્રવર્તમાન સ્થિતીમાં રાજયમાં આર્થિક, નાણાંકીય પૂનરુત્થાનના સર્વગ્રાહી ઉપાયો સુચવવા પૂર્વ કેન્દ્રીય નાણાં સચિવ શ્રી ડૉ. હસમુખ અઢિયાની અધ્યક્ષતામાં રચેલી કમિટિનો આખરી-ફાયનલ અહેવાલ આ સમિતિએ મુખ્યમંત્રીશ્રીને ગાંધીનગરમાં સુપ્રત કર્યો હતો.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ, શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઇ પટેલ તથા મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ અને મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન સહિતના વરિષ્ઠ સચિવોની ઉપસ્થિતીમાં ડૉ. અઢિયાએ મુખ્યમંત્રીશ્રીને ફાયનલ રિપોર્ટ અર્પણ કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ અઢિયા કમિટીએ પોતાના આ ફાયનલ અહેવાલમાં જે સૂચનો અને ભલામણો કર્યા છે તેનો અભ્યાસ કરીને રાજ્ય સરકાર તે દિશામાં યોગ્ય કાર્ય કરશે તેમ જણાવ્યું હતું.

આ સમિતિના અધ્યક્ષ ડૉ. હસમુખ અઢિયાએ ફાયનલ અહેવાલ પ્રસ્તુત કરતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આત્મનિર્ભર ભારત માટેના જે પાંચ સ્થાંભ આપેલા છે તેના આધારે રાજ્યની આર્થિક –નાણાંકીય પૂનરૂત્થાનની ગિતવિધિઓને વધુ સુદ્રઢ કરવા આ અહેવાલમાં વિશેષ ઝોક આપવામાં આવ્યો છે.

તેમણે આ સંદર્ભમાં જણાવ્યું કે, ઈન્ફ્રાસ્ટ્રકચર, ઈકોનોમી, સિસ્ટમ, ડેમોગ્રાફી અને ડિમાન્ડના પાંચ પિલ્લરો થકી કોવિડ-૧૯ની મહામારી બાદ રાજયના અર્થતંત્રને અને વિકાસની ગતિને વેગવંતી બનાવવા આ અહેવાલ ઉપયુકત થશે.

પૂર્વ કેન્દ્રીય નાણાં સચિવ ડૉ. હસમુખ અઢિયાના અધ્યક્ષપણા પદે રચાયેલી આ કમિટીએ પોતાનો વચગાળાનો-ઈન્ટરીમ રિપોર્ટ તા. ૨૮ મે ના રોજ રાજ્ય સરકારને આપેલો હતો.

મુખ્યમંત્રીશ્રીએ આ વચગાળાના અહેવાલના આધારે રૂ. ૧૪૦૨૨ કરોડનું આત્મનિર્ભર ગુજરાત પેકેજ જાહેર કરેલું છે.

હવે આ સમિતિએ રાજ્ય સરકારને આપેલા આખરી અહેવાલમાં રાજયની કોરોના પછીની આર્થિક નાણાકીય સ્થિતિના પુનરુત્થાન માટે અને રાજયની વિકાસ યાત્રાને વધુ વેગવંતી તેમજ પૂર્વવત બનાવવા મધ્યમ અને લાંબાગાળાના ૨૩૧ જેટલા વિવિધ સૂચનો સૂચવ્યા છે.

ડૉ. અઢિયા સમિતિએ આજે આપેલા પોતાના આખરી અહેવાલમાં મુખ્યત્વે જે બાબતો આવરી છે તેમાં આંતરમાળખાકીય સવલતો સંસાધનો ઉત્પન્ન કરવાના પ્રયાસો, રાજયમાં મૂડીરોકાણ વધારવાના પ્રયાસો, રાજયનું નાણાકીય વ્યવસ્થાપન અને ભારત સરકારની નીતિઓનો લાભ લેવાના મહત્તમ પ્રયાસો વગેરે બાબતોનો સમાવેશ થાય છે.આ સમિતિએ આપેલા ફાયનલ અહેવાલમાં શહેરી માળખાકિય સુવિધાઓ માટેના જે સુચનો કર્યા છે તેમાં લેન્ડ મોનિટાએઝેશનની સુવિધા, મિલકત વેરાના નિયમોમાં સુધારો કરવો અને જંત્રી સાથે જોડવું, મહાનગર પાલિકાઓમાં પાણીના ઉપયોગની માપણીના મીટરની વ્યવસ્થા એક વર્ષમાં કરવા તેમજ પ્રથમ ૨ વર્ષમાં વાણીજ્યિક તથા ઔદ્યોગિક એકમોને આવરી લેવાના સૂચનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

એટલું જ નહીં, શહેરી વિકાસ વિભાગની આશરે ૫૩ સેવાઓને ઈ-નગર પ્લેટફોર્મ માધ્યમથી ઓનલાઈન કરવી, શહેરોમાં તથા આંતર જિલ્લામાં અવર-જવર માટેની રાજ્ય માર્ગ વ્યવહારની બસોમાં વધારો કરવો તથા તેનું નિજીકરણ કરવું, મિલકત વેરાની ચકાસણી માટે સેલ્ફ એસેસમેન્ટ અને સેલ્ફ ડિક્લરેશનને પ્રોત્સાહન આપવું તેમજ પી.પી.પી યોજના અંતર્ગત કામદારો તેમજ જરૂરીયાતમંદ લોકો માટે કેન્દ્ર સરકારની યોજનાઓ અનુસાર ભાડાના આવાસોની યોજના અને શહેરોમાં આવેલ ઝૂંપડાઓના પુનર્વસન માટેની નીતિ ઘડવી તેવા સૂચનો પણ આ સમિતિએ પોતાના આખરી અહેવાલમાં આપ્યા છે.

ડૉ. હસમુખ અઢિયા કમિટિએ રાજયના બંદરોની માળખાકીય સુવિધાઓ માટે પણ નીતિ ઘડવાની સૂચનો કર્યા છે, તેમાં બંદરો માટેના રેન્યુઅલ-કન્સેશન ૬૦ વર્ષ સુધીની નીતિ, હયાત બંદરોનો-કેપ્ટીવ બંદરોનો પૂર્ણ ઉપયોગ કરવા બાબતની નીતિ, હયાત બંદરો નજીક મોટા ઔદ્યોગિક પાર્ક વિકસાવવા અને જી.એમ.બી ના કાર્યો ડિજિટાઇઝ કરવા જેવા સૂચનોનો સમાવેશ થાય છે.

આંતરાષ્ટ્રીય નાણાકીય સેવાઓના કેન્દ્ર ગીફ્ટ સીટીમાં બુલિયન એક્સ્ચેન્જ, સ્પેશિયલ યુનિવર્સિટી, ઈન્ટર્નેશનલ આર્બિટરી સેન્ટર, નિફ્ટી ફ્યૂચર ટ્રેડીંગ જેવી સુવિધાઓ વિકસાવી તેમજ એન.આર.આઈ લોકો તથા વિદેશી લોકોને ફોરેન કરન્સી બેન્ક એકાઉન્ટ ખોલવાની મંજૂરી આપવી જોઇએ તેવા સૂચનો પણ સમિતિ દ્વારા કરવામાં આવ્યા છે.

આ સમિતિએ વૈશ્વિક મૂડીરોકાણ વધારવાના પ્રયાસ માટે રાજયમાં વિદેશી મૂડીરોકાણ (એફ.ડી.આઈ) વધારવા માટે ૪ મુદ્દાઓ ઉપર મૂક્યો છે. જેમાં સરળતાએ મંજૂરી, પ્લગ એન્ડ પ્લે સુવિધા સાથે ઓછી કિંમતે જમીનની ઉપલબ્ધી, ઓછા વીજ દરો તથા ગુણવત્તાયકુત આંતરમાળખાકીય સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

બલ્ક ડ્રગ્સ, સિન્થેટિક કાપડ, ઈલેક્ટ્રોનિક સાધનો, મેડીકલ ઉપકરણો, ઉર્જાના સાધનો તથા ઓટો કોમ્પોનેન્ટ્સ જેવા ક્ષેત્રોમાં એફ.ડી.આઈ માટે ખાસ પ્રાધાન્ય આપવાનું સૂચન પણ આ સમિતિ દ્વારા રાજ્ય સરકારને કરવામાં આવ્યું છે.

આ સમિતિએ રાજયમાં સિંગલવીન્ડો સિસ્ટમની હિમાયત કરતાં જણાવ્યું છે કે, તમામ અરજીઓનું વર્ગીકરણ કરી તેને ત્રણ પ્રકારમાં ગણવી જોઇએ. જેમાં ૧. લઘુત્તમ મંજૂરીની જરૂરીયાત, ૨. એડ-ઓન મંજૂરીઓ ખાસ ક્ષેત્રો માટે અને ૩. સબસીડી સંબંધીત મંજૂરીઓ હોવી જોઇએ.

તદ્ઉપરાંત આ તમામ અરજીઓ માટે સમય મર્યાદા નક્કી કરવી. તમામ સરકારી વિભાગો દ્વારા ઉપલબ્ધ ડિજિટલ દસ્તાવેજોની યાદી તૈયાર કરવી અને તે તમામ 'ડિજી-લોકર' માં ઉપલબ્ધ કરાવવા સાથે રાજ્ય સરકારની તમામ કચેરીઓમાં ઓનલાઈન પદ્ધિતિથી અરજીઓ સ્વીકારવી તથા ડિજિટલ સિગ્નેચર મારફતે મંજૂરી આપવી જે કિસ્સાઓમાં હાલ જે મંજૂરી-એન.ઓ.સી. આપવામાં આવેલ છે તેવા કિસ્સાઓને 'ગ્રીન ચેનલ' મારફતે ઝડપી મંજૂરી આપવી જોઇએ તેવી આ સમિતિએ ભલામણો કરી છે.

ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ અંતર્ગત પોતાના અહેલવામાં જે સૂચનો સૂચવ્યા છે, તેમાં ઉદ્યોગો અને વ્યવસાયોની સેવાઓ માટે એક પોર્ટલ બનાવવું વિલંબ અટકાવવા અરજીઓ બાબતે ઉભી થનાર ક્વેરી દિન ૭માં રિઝોલ્વ કરવી, કોન્ટ્રાક્ટ લેબર એક્ટ હેઠળ કામદારોની સંખ્યા ૧૦ થી વધારી ૫૦ કરવી તેમજ લાઈસન્સની અવધિ વધારીને ૩ વર્ષ કરવી જોઇએ તેનો પણ સમાવેશ થાય છે.

ગુજરાતના પ્રવાસન વિકાસને ધ્યાનમાં રાખીને આવનાર બે વર્ષોમાં ગુજરાતના તથા અન્ય રાજ્યોના પર્યટકોને આકર્ષવા માટેની યોજના બનાવી નવીન ટુરિઝમ પોલીસી ઘડવી તેમાં નવા આકર્ષણો સિનેમેટિક ટુરિઝમ, વેલનેસ ટુરિઝમ અને ક્રુઝ ટુરિઝમનો પણ સમાવેશ કરવો જોઇએ એવા સૂચનો સમિતિએ કર્યા છે.

આ સમિતિએ કોલેજમાં ભરતી થતા વિદ્યાર્થીઓ માટે 'બ્રીજ કોર્સ'નું આયોજન કરવું, શિક્ષકોને ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટે તાલીમ આપવી, વધુમાં વધુ લોકોને શિક્ષણ ઉપલબ્ધ કરવાના હેતુથી શહેરોમાં વધુ 'સમરસ' હોસ્ટેલ ઉભી કરવી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા વિદ્યાર્થીઓ માટે ડિજિટલ લર્નિંગ સેન્ટર ઉભા કરવા જેવા સૂચનો અહેવાલમાં સૂચવેલા છે.

યુવાનોમાં ડિજિટલ સશક્તિકરણ માટે રાજ્ય સરકાર દ્વારા એક ખાસ યોજના અંતર્ગત નક્કી થયેલ જૂથના લોકોને સ્માર્ટફોનની સુવિધા ઉપલબ્ધ કરાવી 'ડિજિટલ ટ્રાન્સેકશન'ની સમજ આપતા સોફ્ટવેર ઉપલબ્ધ કરાવવું એવું પણ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે.

સ્માર્ટ ફોન ધરાવતા લોકોને રોજબરોજના કામોમાં ઉપયોગી થતા સોફ્ટવેરના ઉપયોગ બાબતે તાલીમ આપવાની યોજના બનાવી જોઇએ એવું પણ સૂચન આ સમિતિએ કર્યું છે.

આ સમિતિ દ્વારા ખેતી તથા ગ્રામ્ય અર્થતંત્રને વેગવંતુ બનાવવા માટે પણ સૂચનો થયા છે, તેમાં કૃષિ મહોત્સવને પ્રોત્સાહન આપવું, પાક તથા ઉત્પાદનો માટે વેરહાઉસ તથા વેરહાઉસ રિસીપ્ટ ફાઈનાન્સિંગની સુવિધા આપવી, જમીન માલિકી તથા જમીન ઉપયોગના નિયમોમાં સુધારા કરી કોર્પોરેટ તથા કો-ઓપરેટિવ ફાર્મિંગમાં પ્રોત્સાહન આપવું જોઇએ તેવા સૂચનનો સમાવેશ થાય છે.આ સમિતિએ સ્વાસ્થ્ય સુવિધાનું માળખા માટે સ્વાસ્થ્ય સુવિધાઓ તથા વ્યાવસાયિક સંચાલન તેમજ સ્વાસ્થ્ય સંલગ્ન સંસ્થાઓને 'ટેલીમેડિસીન' પ્રોજેક્ટ સાથે જોડવા જોઇએ એવું સૂચન પણ અહેવાલમાં કર્યુ છે.

સમિતીના અધ્યક્ષ ડૉ. અઢિયાએ આ અહેવાલ અર્પણ કર્યો ત્યારે સમિતીના સભ્યો પણ હાજર રહ્યા હતા.

સી.એમ-પીઆરઓ/અરૂણ

આંટી ઘુંટી એડમીશનની,
જાળ માં એવા જકડે છે;
સરસ્વતીના કાંઠે બેસી,
માછલીઓ સૌ પકડે છે !

સાવ બિચારા બની મા-બાપ,
ક્યાંના ક્યાં જઈ રખડે છે;
સરસ્વતીના કાંઠે બેસી,
માછલીઓ સૌ પકડે છે !

પોતે સૌ શિક્ષણના રાજા,
'ને સીસ્ટમ સાવ અંધેરી;
કાં તો સીધું ખિસ્સું કાપે,
કાં તો લે ખંખેરી !

કઈ રીતે ડોનેશન દેશું ?
ઘરમાં વાસણ ખખડે છે;
સરસ્વતીના કાંઠે બેસી,
માછલીઓ સૌ પકડે છે !

ડોક્ટર કે એન્જીનીઅર,
એમબીએ બીસીએ કે સીએ;
નાટા સીમેટ ગેટ કેટ સૌ,
લોહી મજાનું પીએ છે !

જાણે કે સો બાજ વચાળે,
એક કબુતર ફફડે છે;
સરસ્વતીના કાંઠે બેસી,
માછલીઓ સૌ પકડે છે !

ક્યાં ગઈ વિદ્યા વ્હાલ ગયું ક્યાં ?
'ને ગુરુ શિષ્યનો નાતો;
ના.. ના.. વિદ્યાપીઠ નથી,
અહીં તો કેવળ ધંધો થાતો !

એક ખુણામાં ઉભો ઉભો,
વડલો એવું બબડે છે;
સરસ્વતીના કાંઠે બેસી,
માછલીઓ સૌ પકડે છે !!




દરેક આત્મહત્યા પાછળ બે માંથી એક જ કારણ જવાબદાર હોય છે...એક - ક્યાંક તો વ્યક્તિની અતિશય 'અપેક્ષા'... **Or** બે - કોઈક નજીકના વ્યક્તિ દ્વારા અનહદ 'ઉપેક્ષા'...

**#RIP_SUSHANT**

- 'સત્યાગ્રહી' નિમિષ શાહ...

# સંતાન ને દોષ દીધા વગર ગામ ના કોઈ પણ બગીચે જઈ ને રડી લેવુ

બાળક ને ઈંગ્લીશ મિડીયમ મા ભણાવો ઈંગ્લીશ મા વાતો કરતા શીખવો,
'બર્થડે' અને
'મેરેજ એનીવર્સરી'
વિગેરે આવા બધા પ્રસંગો ને ઈંગ્લીશ કલ્ચર થી ઉજવતા જોઈ ને રાજી થાવ...
માતા પિતા ને 'મમ્મા' અને
'ડેડા' કેતા પણ શીખવો...

સમજી ને હડધુત કરે અથવા તેનામાં તમને કોઈ પણ સંસ્કારો ના દર્શન ન થાય તો બિલકુલ પણ ઘર નુ વાતાવરણ ગમગીન કર્યા વગર કે સંતાન ને દોષ દીધા વગર ગામ ના કોઈ પણ બગીચે જઈ ને રડી લેવુ...
કારણ કે...
બાળક ની પેલ્લી વર્ષગાંઠ ઉપર
હવન કુંડ મા આહુતી કેવી રીતે અપાય...
એના બદલે છરી થી 'કેક' કેમ કપાય એ શિખવનાર આપણે...
મંત્ર શુ છે તેની તાકાત કેવી છે પ્રભાવ કેવો છે પુજા પાઠ ના સંસ્કાર આપવા ને બદલે,
કડકડાટ ઈંગ્લીશ બોલતા સાંભળીને રાજી થતા આપણે.. પેલ્લી વાર બહાર જતા,,
'જય શ્રી કૃષ્ણ'
ને બદલે
'બાય બાય'
કે તા શિખવનાર આપણે..
પરીક્ષા આપવા જતી વખતે
ઈષ્ટ દેવ /વડીલો ને
પગે લગાડવા ને બદલે
**'Best of Luck'**
કહીને સ્કૂલે મોકલનારા આપણે..
બાળક પાસ થતા ઘર મા સાથે બેસી ને લાપસી જમવા ને બદલે,,,
હોટેલ મા કચરો ખાવા
મોકલનારા આપણે..
આજ બાળક મોટુ થાય છે અને પરણે એટલે
કુળદેવતા / દેવ દર્શને
મોકલવાને બદલે...
હનીમુન કરવા 'ફોરેન' ની ટીકીટ તેના હાથમાં આપવા વાળા આપણે..
ણી એવી અંગ્રેજ કલ્ચર છે કે જેને પગે લાગવા મા શરમ લાગે છે...
વાંક કોનો...??
માત્ર તમારો (મા-બાપ)
ઈંગ્લીશ માત્ર ભાષા છે...
તેને શીખવાની હોય..
જીવન માં ઉતારવાની
ન હોય..
માનો તો ઠીક છે..
નહિ તો જિંદગી ભગવાને દીધી છે..
ચાલતી આવે છે,
ચાલતી રહેશે..
અજ્ઞાત લેખક

# બિજલબેન પટેલના નેતૃત્વમાં "અમ્યુકોનો પ્રિ મોન્સુન પ્લાન સફળ:ચારે બાજુ ખાડા અને "પાણી જ પાણી"

*ગાંધીનગર,તા.૧૪*

જો ભાઈ દર વખતની જેમ એ. સી. ચેમ્બરમા નાસ્તા પાણીની જયાફત ઉડાવતા કરોડોનો પ્રિ મોન્સુન પ્લાન" બનાવ્યા હતો. અમદાવાદના નાગરિકો પર મને પુરો વિશ્વાસ છે કે તેઓ વરસાદી આફતને અવસરમાં બદલી નાખશે. અને જુઓ અમદાવાદ શહેરમાં પાણી ભરાવા ,ખાડા પડવા નવી વાત નથી. આ કોરોના મહામારીમા એસ. વી. પી. ની ચેરમેન હોવા છતાં પ્રજા વચ્ચે એક પણ દિવસ ગઈ નથી છતાં પરિસ્થિતિ નિયંત્રણમાં છે. અને જુઓ ધનવંતરી આરોગ્ય રથને ઝંડી બતાવવા બાવન દિવસ પછી આવીને અને મેન્ગો ફેસ્ટિવલનું રીબીન કાપીને ઊદઘાટનમા કર્યુ કે નહીં નવરંગપુરામાં માઈક્રો કોરોન્ટાઈન વિસ્તારમાં કોરોનાની દરકાર કર્યા વગર અને તમામ નિયમો બાજુમા રાખીને તુલસીના કુંડાનું વિતરણ કર્યુંને ભલે ત્યાં હાજર અમારા કોર્પોરેટરને કોરોના થયો છતાં અમે કાંઈ કીધું.

વિજય નેહરા ને કોર્પોરેશન છોડાવ્યું તેમ કોરોનાને અમદાવાદ છોડાવીને જ જંપીશું. હવે શહેરમાં પાણી ભરાય, રોડ તુટે, ખાડા પડે, ભુવા પડે એમા મારો વાંક. જરા જુઓ કોંગ્રેસના વખતમાં આટલા ભુવા કયારેય પડયા હતાં, પાણી આટલા બધા ભરાતા હતાં. અને એક મહિલા થઈને હું કેટકેટલી જગ્યાએ દોડું નાગરિકોએ સ્ત્રી દાક્ષિણ્ય દાખવવું જોઈએ કે નહીં. અને મેં અગાઉ પણ કહ્યું હતું કે ×હા અમદાવાદ મારું છે× ગમે તેટલા ખાડા પડે કે પાણી ભરાય આ બધી બાબત અમદાવાદનો વિકાસ સુચવે છે તેને સમજવા મારા જેવી દિર્ઘ દ્રષ્ટિ જોઈએ .લોકો કહે છે મેયર અભિમાની થઈ ગયા છે. તો હા મને મારા અમદાવાદના નાગરિકો પર ગર્વ છે અભિમાન તો થાય જ ને અમ્યુકોના અત્યાર સુધીના મેયરો કરતા કાંઈક અલગ ઓળખ આજે બનાવી દીધી છે. શહેરના નાગરિક સમજુ છે. દર વખત કરતાં આ વખતે ખૂબ હાડમારી સહન કરી છે પછી તે વરસાદ, રોડ રસ્તા, ભુવા હોય કે શહેરનો ભ્રષ્ટાચાર હોય. છતાં કોર્પોરેશનમા ભાજપને જ લાવશે. પ્રજા ભોટ સોરી ભોળી છે ભ્રષ્ટાચાર સહીત તમામ હાડમારી નજર અંદાજ કરશે.

# જાણવા જેવું

ગુજરાતી HSC માં ૯૫% ઉપર લાવે એટલે ડોક્ટર જ બનવા જાય ને બિહારી ૬૦% લાવે એટલે જીઞ ની તૈયારી કરી કલેક્ટર બની તે ગુજરાતી ડોક્ટરને હુકમ કરી શકે,સલાહ સૂચન આપી શકે અને પ્રાઈવેટ હોસ્પિટલને સીલ પણ કરી શકે...

ટૂંકમાં ભણતરમાં ટકાનું આટલું જ મહત્વ છે

માટે વિધાર્થીઓ અને વાલીઓને વિનંતી કે તમે ટકા પર ધ્યાન આપ્યા વગર ખોટા ટેન્સન લીધા વગર સાચી દિશામાં મહેનત કરો કારણ તમે કેટલા ટકા લાવ્યા તે મહત્વનું નથી તમે કઈ દિશા કે કયું ફિલ્ડ પસંદ કરો છો તે મહત્વનું છે... ??

ભુતકાળમાં વિધાતા છઠ્ઠીના દિવશે બાળકનું ભાગ્ય લખતા અને આજે...?

હા આજે શુક્રાણું સ્ત્રી બીજ ને મળે તે પહેલાં એનું ભવિષ્ય નક્કીકરે છે આજના મા બાપ,

જ્યારે બાળક લીક્વીડ ફોર્મમાં પણ ન હોય ત્યારથી તેને ટેલેન્ટેડ બનાવવાની હોડ લાગી છે.

ચાર પાંચ વર્ષનાં બાળકોને જ્યારે ટીવીના કોઇ રીયાલીટી શોમાં નાચતાં, ગાતાં, મિમીક્રી કરતાં જોઇએ ત્યારે વિચાર આવે કે આ બાળકના માબાપ ને છોકરું જોઇએ છે કે એક મલ્ટી ટેલેન્ટેડ મશીન.

છ વર્ષની છોકરી ટીવી કે ફીલ્મ જોઇને ગીત ગાય છે લેલા મે લેલા એસી હું લેલા સાથે નાચે પણ છે,

હકીકતમાં આ ટેલેન્ટ કરતાં નકલ વધું છે, મા બાપ છાતી ફુલાવી આ નકલી આવૃતીને ક્રીયેટીવીટીમાં ખપાવે છે.

મા બાપનું કામ તો શીક્ષણ અને સંસ્કાર આપવાનું છે, પછી કુદરતી ટેલેન્ટ તો આપોઆપ બહાર આવશે,

કિશોર કુમાર કે રફીના મા બાપે એ બોલતા થયાં ત્યારથી ગાતાં નહોતું શીખવ્યું. રાજકપુરના રણધીર અને રાજીવ બંન્ને છોકરાં કલાકાર તરીકે નિષ્ફળ રહ્યા.

કેમ....?

એતો ઘર અને કુટુંબમાંજ પ્લેટફોર્મ લઇને જન્મયા હતા. એવું જ રાજેન્દ્ર કુમારના કુમાર ગૌરવનું થયું.

કેમ કે એમના પોતાનામાં એ સફળતા માટેની કુદરતી ટેલેન્ટ ન હતી.

નરેન્દ્ર મોદી સાહેબ ના બા હીરાબા એ કાંઇ બાળ નરેન્દ્ર બોલતા થયા ત્યારથી જાહેરમાં સ્પિચ આપવાનું નહોતું શીખવ્યું

કે... નતો એ બાળકને વક્તૃત્વ સ્પર્ધા ના ક્લાસ કરાવ્યા. કુદરતી ટેલેન્ટ સમય આવ્યે બહાર આવેજ.

સામે પક્ષે પાંચ પેઢીથી ભાષણબાજી અને જાહેરજીવનના પ્લેટફોમ વાળા રાહુલ ગાંધી ભાષણમાં એટલા એગ્રેસીવ નથી લાગતા.

ધીરુભાઇ અંબાણી ના માતા બાળ ધીરુને ઉંઘાડવા હાલરડાંને બદલે કોઇ કંપનીના નફા નુકશાનના સ્ટેટમેન્ટ નહોતા સંભળાવતા કે વાર્તાની જગ્યાએ બેન્કની પાસબુક વાંચીનેં નહોતા સંભળાવતા.

આજે તો ચાર વર્ષની ચાર્મીને એશ્વર્યા બનાવી દેવી છે અને પાંચ વર્ષના પપ્પુને સલમાન.

બાળકના બાળપણની જીંદગીની ભ્રુણહત્યાની હોડ જામી છે. એ સફળજ છે, જરુરી નથી કે બધા સલમાન બને, શાહરૂખ કે હૃતિક કે તેન્ડુલકર બને.

પહેલાં એને પ્રાથમીક શિક્ષણ આપો, સારા સંસ્કાર આપો, પછી કુમાર અવસ્થામાં એનામાં રહેલી શક્તિ આપોઆપ ખીલશે.

અને જો ટેલેન્ટ હશે તો નાનકડા વડનગર જેવા પછાત ગામમાંથી દોડીને એ દીલ્હીની ગાદીએ બેસશે.

એને નાનપણમાં સરપંચના રોલ કરાવી એનામાં રહેલા વડાપ્રધાનની ટેલેન્ટનું ગળું ન દબાવી દો.

જે પિંપળાને ફુટવું જ છે એ તો આરસીસી નો સ્લેબ ફાડીને પણ ફુટશે.

આપણા બાળકોને સાચો પ્રેમ, સાચા સંસ્કાર, અને પ્રાથમિક શિક્ષણ આપો, વખત આવ્યે ઇ આપોઆપ ખીલશે

હવે ચોમાસું નજીક આવે છે, કુંડા અને બાગમાં રોપાતા ફુલ છોડ માટે કેટલીક ટીપ્સ........

કુંડું પસંદ કરો તો એની નીચે તળીયામાં વધારા નું પાણી નીકળી જાય એવા ત્રણ ચાર કાણાં છે કે નહી તે ચેક કરો, ન હોય તો કાંણાંપાડો.

નવો છોડ રોપવા નવા કુંડામાં જુના સુકાઇ ગયેલા છોડના કુંડા ની માટી ક્યારેય ન વાપરો.

નવી માટી બનાવવા.... ખેતર ની સારી માટી નો ઉપયોગ કરો, ૫૦% માટી, ૪૦ % જુનુ કોહવાયેલું છાણીયું ખાતર અને ૧૦% ચારેલી ઝીણી રેત ને બરાબર મીક્ષ કરી ઉપયોગ કરો.

કુંડા માં પહેલાં ત્રણ ચાર ઇચ ( કુડા ની ઉચાઇ ની સાઇઝ પ્રમાણે ) મોટા કાંકરા ની રેત અથવા ઈંટો ના રોડાં ભરો,

છોડ પસંદ કરતી વખતે મોટે ભાગે સીઝનલ છોડ ન લો, એ મોઘા હશે અને એક સીઝનથી વધારે રહેશે નહી, સારો ફુટેલો તંદુરસ્ત છોડ લો, એ લેવા જતાં સાંથે એકદમ ધારદાર છરી કે ચાકુ લઇને જાવ, જો નર્સરીમાં એ છોડ પ્લાસ્ટીક બેગમાં રોપેલો હોય અને એના મુળીયાં જમીન માં ઉતરેલા હોય તો, એને ખેચી ને ન કાઢવા દો, પણ છરી ચપ્પાથી કપાવી ને લો

લાવ્યા પછી એને તરત બાગ કે કુંડામાં ન વાવો, પણ જ્યાં રોપવાનો હોય ત્યાં અઠવાડીયું એને મુકી રાખો, એ નર્સરી ના વાતાવરણ માં હતો, તેથી તેને તમારા ગાર્ડન કે ઘરના વાતાવરણ તાપ ને અનુકુળ થવા દો.

રોપતી વખતે ઠાંસી ઠાંસી ને માટી ન ભરો....

રોપી ને ત્યાં સુધી પાણી આપો જ્યાં સુધી પાણી કુડા ની નીચે ના કાણાં માંથી નીકળે નહી, આમ કરવાથી માટી બેસી જશે અને વધારા નું પાણી નીકળી જાય છે કે નહી તે ચેક થશે, યાદ રાખો પાણી ભરાઇ રહેવાથી મુળ કહોવાશે, છોડ ના મુળ ને પાણી નહી ભેજ ની જરુર છે.

ઉપરોક્ત ક્રીયા બાદ ની એક અતી મહત્વ ની વાત.....સૌથી અગત્યની ટીપ્સ.

.....કુંડા માં કે બાગમાં છોડ ની રોપણી થયા બાદ તુરંત અતી ધારદાર કાતર થી એના ૫૦% પાન દુર કરો, તથા નીર્દય અને કઠોર બની તેની પરની કળીયો, ફુલ કે ફળ ( જો હોય તો) કાતર થી દુર કરો.......

યાદ રાખો નર્સરી વાળાએ છોડ વેચવાનો છે, એટલે એણે ફુલ,કળી,ફળ ગ્રાહકને બતાવવા રાખ્યા હશે ,આપણે તેને ઉછેરવાનો છે.....

આમ કરવાથી છોડ પોતાની શક્તિ પાન,કળીઓ,ફુલ અને ફળને વીકસાવવા માં નહી પણ મુળ ને વીકસાવવા વાપરસે, જો આમ નહી કરો તો તરત પ્લાન્ટેશન કરેલા અને થોડેઘણે અંશે ક્ષતી પામેલા મુળ ( રુટ) પર છોડ પર રહેલા વધારે પાન,કળી,ફુલ ,ફળ ને પોષણ પુરું પાડવાની જવાબદારી વધસે, અને તે મુરઝાસે.....

ચોમાસા માં કેક્ટસ ના કુળના છોડ ને સીધા વરસાદ થી દુર રાખો.....અને વાદળ હોય સતત વરસાદ હોય ત્યારે જરુરીયાત મુજબ અઠવાડીયેજ પાણી આપો,

જો તમે એની કાયમી સંભાળ ન રાખી શકતા હો તો ન વાવો,અને એ છોડ સાચા માણસના હાથમાં જાસે તોજ પર્યાવરણ માં જીવ આવશે બાગાયત અને પ્લાન્ટેશન દેખાદેખી કે અતી ઉત્સાહ થી નહી પણ તમને આનંદ આવતો હોય અને શોખ હોય તોજ કરો, કારણ કે આ ધીરજ માંગીલે તેવો સજીવ ને ઉછેરવા નો શોખ છે.

એને દરરોજ હાથ ફેરવી વહાલ કરો, દરેક પ્લાન્ટ નું નામ પાડો, અને એ નામે જ તેને બોલાવો.........

તો તૈયાર રહો સીઝન આવી રહી છે.....

ઘટાએ ઉંચી ઉંચી કહે રહી હે , નયે અંકુર ખીચવા ને કે દીન હે......જીગર કે તાર છીડ જાને કે દીન હે........

અચ્છે બાગબાં બન જાને કે દીન હે.......જેમ પ્રાણી ઓ ને પાળીયે છીએ એમ બહું પ્રેમ અને લાડકોડ થી પાળો છોડ ઝાડ ને........કેમ કે......દુનીયા માં આ એકજ સજીવ એવું છે જે હગતું મુતરતું નથી.....એટલે એ ગંદી સફાઇ આને પાળનારે કરવાની નથી.....ઉપરથી ફળ,ફુલ પાન સુગંધ ઔષધી મફત માં........ લુંટાય એટલું લુંટો....દીલ ખોલી ને, પણ લુંટતા પહેલાં વાવો....દીલ ખોલી ને.

વન વગડો

# આજની સુંશાતસિંહ રાજપુતના આપઘાતની ઘટના એક ખુબજ દુખ:દ ઘટના

કહેવાય છે ને સમય સમય ની વાત છે એક સમય ની છીછોરે પિકચર આપઘત નકરવા નો તેમજ બિંદાસ્ત જીવન જીવવાનો એક સુંદર મેસેજ આપી ગઈ પંરતુ એજ પિકચર નો એક એકટર એટલે સુંશાતસિંહ રાજપુત જયારે આપઘાત કરી જીવન ટુંકાવી દે છે ત્યારે ખુબ દુખ ની લાગણી અનુભવાય છે .

આજે આપ સવઁ ને એક સુંદર મેસેજ આપવો છે . ભલે પરિણામ ઓછુ આવે , ભલે ઘંઘા મા ખોટ આવે , ભલે સંસારીક જીવન મા ચડતી પડતી આવે , ભલે ને સંસારીક જીવન મા કોઈ આપણા થી દુર જતુ રહે અથવા કોઈ છોડી ને જતુ રહે પણ હર હમેંશ આપણે આપણો હોંશલો બુંલદ રાખશુ અને ફરી નવી જીંદગી જીવીશુ . ખાસ આ ૨૦૨૦ નુ વષઁ આપણા માટે ખુબ અઘરુ સાબિત થનારુ બનશે પણ આપણે આ વષઁ ને ખુબ મહત્વ નુ સમજી ૨૦૨૧ ના સારા નિમાઁણ નુ સ્વપન જોવાનુ છે .

જીવન મા આપઘાત નો વિચાર ક્યારેય ના કરી બસ એક નવી જીંદગી નો વિચાર કરી હર હમેંશ કાયઁશીલ બની જીવન જીવવુ જોઈએ .

ચડાવ ઊતાર આવે , સુખ દુખ આવે , પાસ -ફેલ થવાય તો જ જીંદગી જીવાય એ સુત્ર ને ધ્યાન મા રાખી જીવન જીવવાની મજા માણવી ??

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક. સાહિત્યિક વિભાગ.. આયોજક : પ્રદીપ રાવલ

**ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્યિક પદ્ય વિભાગના પરિણામો નીચે મુજબ છે**
**ગ્રુપ સંચાલક : જીજ્ઞા કપુરીયા**
**નિર્ણાયક : જયશ્રી પટેલ વંદના વાણી. કિશોર ઠક્કર**
**સહ સંચાલક : પ્રણવ જાખર. મનીષ વોરા.**
**સહ નિર્ણાયક : આરતી મર્ચન્ટ. આરતી રામાણી**
**વિભાગ. પદ્ય**
**શીર્ષક-સાકી**
**રાધે રિસાયા..**

હે... રાધે રિસાયા, કૃષ્ણ મનાવત, માનત નહીં રાધે પ્યારી!
કરે લાખ ચતુરાઈ, કૃષ્ણ મુરારી, સુનત નહીં રાધે પ્યારી!
કભી હાથ જોડે, કભી બંસી બજાવત, કરત ઠીઠોરી નર - નારી..
કરે લાખ ચતુરાઈ કૃષ્ણ - મુરારી, માનત નહીં રાધે-રાની!
જમુના કે તટપર, કૃષ્ણ મનાવત, છોડકે બાંસુરી પ્યારી..
કહે કૃષ્ણ - મુરારી મૈં બલિહારી, માન ભી જાઓ રાધે પ્યારી રે પ્યારી, માન ભી જાઓ રાધે પ્યારી રે પ્યારી, માન ભી જાઓ રાધે પ્યારી..
અધરો મલકાયે, નૈન ઝુકાયે, ચુનરી દાંતો મેં ડાલી, નજરોં સે બોલે, રાધા મુખનાં ખોલે, આજ સતાઉં મૈં ગિરધારી રે પ્યારે.. આજ સતાઉં મૈં ગિરધારી..
માનું ના મૈં બતિયા સારી!
**અંજના ગાંધી "મૌનું" વડોદરા**

---------------------------------------------

**ન્યુઝ ઓફ ગાંધીનગર**
**સ્પર્ધા : ૬ (ચિત્ર પરથી ગદ્ય/પદ્ય)**

**વિભાગ : પદ્ય**
**ગીત/શ્યામ તારી આંખોમાં..**

શ્યામ તારી આંખોમાં ઘૂઘવે છે સાગર,
સાગરથી ભરવી છે આંખોની ગાગર.
શ્યામ તારી આંખોમાં.........
તારી વાંસલડી ટહુકે 'ને ટહુકે છે મન,
મારી ટશરોમાં ઊગ્યું છે આખું ઉપવન,
મારી ચુનરને આમ તું આઘી ના કર.
શ્યામ તારી આંખોમાં.......
શ્વાસોમાં શણગારું પીંછાંના પાનેતર રંગ,
મારા અંતરને છાજે ના બીજો કોઈ સંગ,
કનડે છે કાયમથી કાનજી ઓ તારી ફિકર,
શ્યામ તારી આંખોમાં........
એક શમણું આ ભીતરમાં ફાટફાટ ફૂટે,
તારી કલગીને કૂંપળ જો સૈંથી શી ફૂટે,
ઓઢું આ અલગારી ઈચ્છાની ચાદર.
શ્યામ તારી આંખોમાં....
દેવકી દુલારા ઓ નંદજીના જાયા,
લાગી છે હૈયાને શ્યામલની માયા,
સૂનાં છે તારા વીણ હૈયાના પાદર.
શ્યામ તારી આંખોમાં.....
**ડો. નિષાદ ઓઝા "અમન"**

---------------------------------------------

**વિભાગ: પદ્ય**
**શીર્ષક: કહાની છે.**

વર્ષો જુની આ પ્રેમકહાની છે,
રાધાકૃષ્ણ ની પાવન કહાની છે.
શ્યામ કૃષ્ણની સાથે મીઠી રાધા રાની,
બંને વચ્ચેની રંગભેદ વગર આ કહાની છે.
સમય વીતતો ગયો પ્રેમ વધતો ગયો,
ગોકુળની આ પ્રેમીજોડીની કહાની છે.
કૃષ્ણની વાંસળી પર દોડી આવતી રાધા,
સુરતાલ થી ભરી રાસલીલા ની કહાની છે.
થોડાં સમય બાદ છુટાં પડ્યાં બંને
આજીવન પ્રેમ કંઈ રીતે રહે એની આ કહાની છે.
આદર્શ પ્રેમ છે આ રાધાકૃષ્ણ નો
જગત ને જાણવવા જેવી કહાની છે.
પ્રેમ શરીર નો નહિ આત્માં નો હોય છે
આ વાત સમજવાં વાળી કહાની છે.
**ટેલર કૃણાલ શાંતિલાલ #kt**
**સુરત**

---------------------------------------------

**ન્યૂઝ ઓફ ગાંધીનગર**
**વિભાગઃ- પદ્ય**
**શીર્ષકઃ- બંધ મુઠ્ઠી**

હજુ બંધ મુઠ્ઠી ના ખોલી
કાન, તું મારો સુંદર શ્યામ
પડખે રમતું રાધાજીનું માન
મને શીદને કરે છે બહુ હેરાન
સાચ્ચે સાચ્ચું લખ્યું મારું નામ ?
હજુ બંધ મુઠ્ઠીના ખોલી.....
લોક કહે રાધાજી ખાનગી વાત
તે લખી હથેળીમાં રાધાની જાત?
મારું અંતર થઈ જાતું સૂમસામ
હજુ બંધ મુઠ્ઠીના ખોલી......
તમન્ના તરફડે યાદોની વણજાર
બંસી સૂરે મળવું જમનાને મોજાર
પડખે અચરજ ભરશે ગોકુળ ગામ
હજુ બંધ મુઠ્ઠી ના ખોલી....
**મીના માંગરોલિયા.મીનુ**
**અમદાવાદ**

# દુધીયામાં વિજળીના થાંભલા પરથી જીવંત વિજળીનો તાર ગાયો પર પડતા બે ગાયોનાં મોત

(અભેસિંહ રાવલ દાહોદ )

લીમખેડા તાલુકાના દુધીયા ગામે ગત મોડી રાત્રે ભારે પવન અને વાવાઝોડા સાથે વરસાદ વરસ્યો હતો, ભારે વરસાદ અને વાવાઝોડા ના કારણે દુધીયા ગામની મેઈન બજાર ફળીયામાં ઉભેલી બે ગાયો પર અચાનક વિજળીનો જીવંત તાર તુટી પડતા ગાયોને વિજ કરંટ લાગતા ઘટના સ્થળે મોત નિપજયું હતુ, ઘટના ની દુધીયા ના સરપંચ મનુભાઈ ભુરીયા ને થતા તેઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ગાયોના માલીક પરસોતમ દોલા જાટવા રહે.દુધીયા અને ડામોર કનુ રામસીંગ રહે.દુધીયાધરા ને જાણ કરી હતી, ઘટનાની જાણ મધ્ય ગુજરાત વિજ કંપની લીમીટેડ ની કચેરી લીમખેડા ના અધિકારીઓ પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને સ્થળે પંચનામું કરી ગાયોના મૃતદેહ ને પી એમ કરાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, જયારે દુધીયા ગામના તલાટી કમ મંત્રીએ ઘટના સંદર્ભે તાલુકા વિકાસ અધિકારીને લેખિત રીપોર્ટ કરી ખેડુતોને સહાય મળે તેમાટે કાર્યવાહી હાથ ધરી છે.અભેસિંહ રાવલ દાહોદ દુધીયામાં વિજળીના થાંભલા પરથી જીવંત વિજળીનો તાર ગાયો પર પડતા બે ગાયોનાં મોત



લીમખેડા તાલુકાના દુધીયા ગામે ગત મોડી રાત્રે ભારે પવન અને વાવાઝોડા સાથે વરસાદ વરસ્યો હતો, ભારે વરસાદ અને વાવાઝોડા ના કારણે દુધીયા ગામની મેઈન બજાર ફળીયામાં ઉભેલી બે ગાયો પર અચાનક વિજળીનો જીવંત તાર તુટી પડતા ગાયોને વિજ કરંટ લાગતા ઘટના સ્થળે મોત નિપજયું હતુ, ઘટના ની દુધીયા ના સરપંચ મનુભાઈ ભુરીયા ને થતા તેઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ગાયોના માલીક પરસોતમ દોલા જાટવા રહે.દુધીયા અને ડામોર કનુ રામસીંગ રહે.દુધીયાધરા ને જાણ કરી હતી, ઘટનાની જાણ મધ્ય ગુજરાત વિજ કંપની લીમીટેડ ની કચેરી લીમખેડા ના અધિકારીઓ પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને સ્થળે પંચનામું કરી ગાયોના મૃતદેહ ને પી એમ કરાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, જયારે દુધીયા ગામના તલાટી કમ મંત્રીએ ઘટના સંદર્ભે તાલુકા વિકાસ અધિકારીને લેખિત રીપોર્ટ કરી ખેડુતોને સહાય મળે તેમાટે કાર્યવાહી હાથ ધરી છે.

### અરવલ્લી જીલ્લામાં સિવિલ હોસ્પિટલના અભાવે

# કોરોનાગ્રસ્ત દર્દીઓ હિંમતનગર કોવીડ-૧૯ ખસેડવા પડે છે,મંજુર થયેલ જમીન રદ થતા સિવિલનું નિર્માણ ખોરંભે

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લાના પ્રજાજનોની આરોગ્યલક્ષી સેવાઓ માટે પાંચ વર્ષથી અટવાયેલ પ્રશ્ન હલ થતા હોસ્પિટલ માટે વર્ષ-૨૦૧૮ માં રૂ.૪૫ કરોડની બજેટમાં જોગવાઈ કરવામાં આવી હતી નવરચિત અરવલ્લી જિલ્લામાં રૂ.૪૫ કરોડના ખર્ચે ૧૫૦ બેડ વાળી નવીન સીવીલ હોસ્પીટલ માટે જે તે સમયે જિલ્લા કલેકટર એમ.નાગરાજને પ્રજાલક્ષી નિર્ણય લઈ તાત્કાલિક બાજકોટ સીમની ૨૦ એકર જમીન ફાળવણીનો હુકમ તા.૨૪-૦૮-૨૦૧૮ ના રોજ કર્યો હતો અને દોઢ વર્ષના સમયગાળામાં ૧૫૦ બેડની અદ્યતન સિવિલ હોસ્પિટલ કાર્યરત થઇ જશેની જાહેરાત થી જીલ્લાવાસીઓમાં આનંદ છવાયો હતો પરંતુ જમીન ફાળવણી કર્યા પછી સિવિલ હોસ્પિટલ માટે મંજુર થયેલ જમીન આરોગ્ય તંત્રએ રદ કરી અન્ય જમીન ફાળવવા મામલે મુદ્દો ગૂંચવાતાં સિવિલ હોસ્પિટલનું નિર્માણ ખોરંભે ચઢ્યું હોવાની માહિતી આરોગ્ય સૂત્રો પાસેથી પ્રાપ્ત થઇ હતી ત્યારે વહિવટી તંત્ર દ્વારા સિવિલ હોસ્પિટલ માટે જમીન તાત્કાલિક ધોરણે ફાળવવામાં આવે જેથી જીલ્લાના પ્રજાજનોની તાતી જરૂરિયાત એવી સિવિલ



હોસ્પિટાલનું નિર્માણ ઝડપથી થઇ શકે તેવી લોક માંગણી પ્રબળ બની છે હાલ કોરોનાની મહામારીએ મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં હાહાકાર મચાવતા ૧૪૨ લોકો કોરોનાગ્રસ્ત બન્યા છે જેમાં ૧૨ લોકોએ દમ તોડી દીધો છે હાલ સિવિલ હોસ્પિટલના અભાવે કોરોનાગ્રસ્ત દર્દીઓને ઓક્સીજનની ઉણપ જણાતાંની સાથે હિંમતનગર કોવીડ-૧૯ હોસ્પિટલમાં ધકેલી દેવામાં આવતાં હોવાથી લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે . અરવલ્લી જીલ્લામાં સિવિલ હોસ્પિટલના અભાવે મોડાસા અને વાત્રક ટ્રસ્ટની હોસ્પિટલમાં કોવીડ-૧૯ હોસ્પિટલ ઉભી કરવામાં આવી છે પરંતુ કોવીડ-૧૯ હોસ્પિટલમાં ગંભીર દર્દીઓના સારવારની કોઈ અદ્યતન સિસ્ટમ નથી કે પછી હોસ્પિટલમાં ગંભીર દર્દીઓની સારવાર માટે સારવાર આપી શકે તેવા તબીબો અને આરોગ્ય કર્મીઓની ઉણપ..!! સહીત અનેક ચર્ચાઓને યથાર્થ ઠેરાવતું હોય તેમ આરોગ્ય તંત્ર કોરોના ગ્રસ્ત દર્દીઓની સ્થિતિ નાજુક થતાંની સાથે હિંમતનગર કોવીડ -૧૯ હોસ્પિટલમાં ખસેડવામાં આવી રહ્યા છે હિંમતનગર કોવીડ-૧૯ હોસ્પિટલમાં ખસેડાયેલા દર્દીઓમાંથી મોટા ભાગના દર્દીઓ કોરોના સામે જંગ હારી જતા મોત ને ભેટી રહ્યા હોવાથી ભય જોવા મળી રહ્યો છે ત્યારે અરવલ્લી જિલ્લામાં સિવિલ હોસ્પિટલનો અભાવ હોવાથી કોરોના સહીત અન્ય બીમારી માટે દર્દીઓને સારવાર માટે ભટકવું પડી રહ્યું છે

મોડાસા નજીક બાજકોટ ગામની સીમમાં જમીન ફાળવ્યા પછી આરોગ્ય તંત્રે સિવિલ હોસ્પિટલ માટે ફાળવવામાં આવેલી જમીન મોડાસા શહેર થી દૂર હોવાથી લોકોને સારવાર માટે અવર-જવર માં તકલીફ સહન કરવી પડે તેમ હોવાથી રદ કરી દેતા સિવિલ હોસ્પિટલનું કામકાજ ટલ્લે ચઢતા વહીવટી તંત્ર તાબડતોડ સિવિલ હોસ્પિટલ માટે જમીનની ફાળવણી કરે તેવી લોક માંગ પ્રબળ બની છે બાજકોટ નજીક ફાળવવામાં આવેલ સિવિલ હોસ્પિટલની જમીન રાજકીય દબાણવશ રદ કરવામાં આવી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે જિલ્લા સેવાસદન કચેરીની કંપાઉન્ડ વૉલ ને અડીને આવેલ ૧૧ એકર જેટલી સરકારી જમીન સિવિલ હોસ્પિટલ માટે ફાળવવામાં આવે તો આરોગ્ય તંત્રની સિવિલ હોસ્પિટલના નિર્માણ માટે મહોર લાગી શકે છે તેવું આરોગ્ય વિભાગના સૂત્રો પાસેથી માહતી પ્રાપ્ત થઈ હતી

અરવલ્લી જીલ્લાને દરોજજો મળે ૭ વર્ષ જેટલો સમય વીત્યો હોવા છતાં પણ હજુ સુધી કહેવાતી જીલ્લા કક્ષાની પાયાની સુવિધાઓ પુરી પાડવામાં સરકાર ઉણી ઉતરી છે જીલ્લાની નબળી નેતાગીરી પણ રાજય સરકારમાં રજુઆત કરવામાં નિષ્ફળ રહેતા કે પછી અરવલ્લી જીલ્લાના પ્રજાજનો સામે રાજય સરકારની ઉદાસીનતા...? જેવા અનેક પ્રશ્નો લોકોમાં ચર્ચાઈ રહ્યા છે

જીલ્લાના પ્રજાજનો અને ગરીબી રેખા હેઠળ જીવતા અનેક પરિવારો સિવિલ હોસ્પિટલના અભાવે ઉત્તમ અને નિ:શુલ્ક સુવિધાથી વંચિત રહેવાનો વારો આવ્યો છે કોરોના સહીત દિનપ્રતિદિન અનેક ગંભીર રોગોનું સંક્રમણ વધી રહ્યું હોય ખર્ચાળ બનતી જતી મેડિકલ સુવિધા માટે લોકોને દરબદર ભટકવું પડે છે મલ્ટીસ્પેશિયાલીટી કહેવાતી હોસ્પિટલો સામાન્ય બીમારીમાં પણ દર્દીઓના ખિસ્સા ખંખેરી લેતા હોવાના કિસ્સાઓ પણ સમયાંતરે ઉજાગર થાય છે શ્રમજીવી અને ગરીબ પરિવારો દેવું કરી મોંઘી સારવાર લેવા મજબુર બનવું પડતું હોય છે ત્યારે દર્દીઓને ઘર આંગણે નિ:શુલ્ક કે તદ્દન નજીવા દરે આરોગ્યલક્ષી સેવાઓ મળી રહે તે માટે સિવિલ હોસ્પિટલ અનિવાર્ય બની છે

### મહિલાઓને આગળ લાવવાની વાતો પોકળ

# દૈયપ ગામે મહિલા સરપંચ નો વહિવટ માથાભારે પતિ મહાસય શંભાળે છે

યુગ પુરૂષ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ના નેતરૂત્વ વાળી વર્તમાન સરકારે મહિલા ઓ ને પણ સમાન હક આપી હવે તો રાજકીય હોદ્દાઓ પ્રાપ્ત કરે એ હેતુ ચુંટણી ઓ મા મહિલા અનામત સીટો રખાતી હોય છે તે ગૌરવની બાબત જરૂર છે પરંતુ વાવ-થરાદ પંથકમાં તો મહિલા ઓ હજુ રાજકારણ થી પર છે કાયદો તો જાણે હાશી પાત્ર બન્યો હોય એમ મહિલા હોદેદાર નો વહિવટ પોતાના પતિ મહાશય કરતાં હોય છે જેનું પ્રેરક ઉદાહરણ લહી એ તો દૈયપ ગામે ગ્રુપ ગ્રામ પંચાયત નો સરપંચ નો વહિવટ માથાભારે સરપંચ પતિ શંભાળી રહ્યા છે...

સાપડતી માહિતી મુજબ દૈયપ ગામે આ ફેર સરપંચ ની



જગ્યા મહિલા અનામત હોઈ ચુંટણી મા મીઠાવીચારણ ના નીલાબેન પ્રુથ્વીદાન ગઢવી ચુંટાયા હતા પરંતુ આ સરપંચ બહેન પંચાયત માં ફરકતા પણ નથી તેમનો વહિવટ પોતાના પતિ મહાશય પ્રુથ્વીદાન ગઢવી શંભાળે છે સરપંચ પતિ તાલુકા કક્શાના અધિકારી ઓ ના મળતીયા અને રાજકીય વગધારી હોઈ લોકો પોતાનું અહિત થવા ના ડરથી જાહેર વિરોધ ઉઠાવી શકતા નથી. આ સરપંચ પતિ માથાભારે હોઈ ચુંટણી બાદ વિવાદો મા ઘેરાયેલા છે.દૈયપ ગામે ગૌચર ની અંદાજે છસો એકર જમીન ઉપર થી ભૂમાફિયા ઓ ને હટાવવા કલેકટર શ્રી ના એક નહીં પરંતુ બે બે આદેશનુ ઉલ્લંઘન કરી ચુક્યા છે. જેથી ધર્મ પ્રેમીઓ મા આક્રોશ ભભુકી ઉઠ્યો છે આનાથી માથાભારે હોવા નો બોલતો પુરાવો બીજો શુ હોઈ શકે...

જિલ્લા ના નિષ્ઠાવાન ડીડીઓ અને કલેકટર કક્ષાએ થી તટસ્થ તપાસ થાય આ સરપંચ પતિ મહાશય ને કાયદાનું ખરૂં ભાન કરાવે એવું જાગૃત લોકો ઈચ્છી રહ્યા છે...

કરશનભાઇ રાજપૂત,દૈયપ

# સિધ્ધપુર મહાકાળી મંદિરે વિશ્વકલ્યાણર્થે તેમજ કોરોના પ્રકોપને ટાળવા ભજન સંધ્યા યોજાઈ

સિધ્ધપુર નાં સરસ્વતિનાં સામા તટે વિધ્યમાન અતિ પ્રાચિન શ્રી મહાકાળી માતાજી મંદિર પરિસરનાં સાનિધ્યમાં સરકારી ગાઈડ લાઈનનાં ચુસ્ત અમલ સાથે ગત જેઠ વદ છઠને ૧૧મી ના રોજ ભજન સંધ્યા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.આ મંદિર ખાતે સ્વયં પ્રાગટ્ય શનિદેવ આવેલા છે.સિધ્ધાનામ કપિલોમુનિ નાં આશ્રમમાં મહંત વિનોદગીરી નાં સાનિધ્યમાં સિદ્ધપુર નાં ×નરસિંહ મહેતા× કહેવાતા પિયૂષ ભાઈ ત્રિવેદી અને શ્રી વાલકેશ્વર ભજન મંડળએ સુંદર ભજનોની રમઝટ બોલાવી હતી.તેઓએ સુમધુર કંઠે ભજનો ગાઈ સર્વ ભક્તજનોને અનેરી મોજ કરાવી હતી.આ ભજનસંધ્યા માં હાજર રહેલા સીમિત સંખ્યા નાં દરેક ભક્તોજનોને મંદિર પરિસરની બહાર જ સામાજિક અંતરે રાખી સૌપ્રથમ સેનેટાઈઝ કરી ફરજિયાત માસ્ક પહેરાવી ભજનસત્સંગ કરવામાં આવ્યો હતો.આ ભજન સંધ્યા કોરોના મહામારીનાં કહેર અને પ્રકોપથી સર્વે લોકોનાં રક્ષણ તેમજ વિશ્વ કલ્યાણ અર્થે રખાઈ હોવાનુ મહંત વિનોદગીરી એ જણાવ્યું હતુ.નિજ મંદિરે દરવર્ષે પોષ,ચૈત્ર તેમજ આસો માસની નવરાત્રિમાં વિધી વિધાન થી માતાજી નું અનુષ્ઠાન કરાય છે.શિવરાત્રિ, રથયાત્રા,પવિત્ર શ્રાવણ માસ,શનિદેવ અને હનુમાન જયંતિનાં પાવન પર્વે અનેક વિધ ધાર્મિક કાર્યક્રમો પણ યોજવામાં આવે છે.આ ભજનસંધ્યામાં સિદ્ધપુર આજુબાજુથી ઉપસ્થિત સંત મહાત્માઓ,બ્રાહ્મણો, સર્વે ભજનરસિક ભક્તો માટે ફલાહાર અને ભોજન પ્રસાદનું સુંદર આયોજન મંદિર દ્વારા કરવામાં આવ્યું હતું.

### પાટણ સાંસદે સિદ્ધપુરની

# સરસ્વતિ નદી પર માધુપાવડીયા પાસે બનાવાયેલ ચેકડેમમાં પાણી ભરવા મુ.મંત્રીને લેખિત રજૂઆત કરી

સિદ્ધપુર ની પવિત્ર સરસ્વતિ નદી પ્રવર્તમાન સમયે સૂક્કી ભઠ્ઠ ભાસી રહી છે.આ સરસ્વતિ નદી પર માધુપાવડીયા ચેકડેમ માં પાણી ભરી તેને નવપલ્લવિત કરાવામાં આવે તે માટે પાટણ સાંસદ ભરતસિહ ડાભી એ મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર પાઠવી રજૂઆત કરી છે.

આ સ્થળે ધાર્મિક વિધી સંપન કરવા માટે યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા સુંદર ઘાટ બનાવાયો છે તેમજ તેની નજીક જ માધુપાવડીયા પાસે ચેકડેમ પણ બનાવાયેલ છે.પરંતુ વહીવટી તંત્રની ઘોર ઉપેક્ષાથી ઘાટ અને ચેકડમ ની હાલત બત્તર બની જવા પામી છે.આથી અહી ધાર્મિક વિધી કરાવવા આવતા શ્રદ્ધાળુની પણ ધાર્મિક લાગણી દુભાતી હોય છે. અહીં આવતા શ્રદ્ધાળુઓને બેસવા માટે (શેડ વાળી) વ્યવસ્થા પણ બનાવવામાં આવી નથી.આ સ્થળે આવતાં શ્રદ્ધાળુઓને આવી બેઠક વ્યવસ્થા સત્વરે ઉપલબ્ધ કરાય તે જરુરી છે.લાંબા સમયથી સુકી રણ સમી ભાસતી સલિલા સરસ્વતિ નદી માં પાણીના અભાવે શહેર સહિત આજુબાજુ નાં ગામો નાં પાણીતળ પણ ખૂબ ઉંડા ઉતરી જવા પામ્યા છે.આ માટે જળ સંચય સમિતિ,સિદ્ધપુર દ્વારા પાટણ જિલ્લાના સાંસદ ભરતસિંહ ડાભીને સરસ્વતી નદીમાં આવેલા ચેકડેમને ડિસિલટિંગ કરવા અને પાણી છોડાવા માટે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને પત્ર લખી વિષયને લગત કામગીરી કરવાની વિનંતી કરી.

# અમદાવાદ નારણપુરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મીની બાઈકને વતનમાં અકસ્માત નડતા કમકમાટી ભર્યું મોત

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

લોકડાઉન અનલોક થતાની સાથે અકસ્માતની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે અમદાવાદ નારણપુરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસકર્મી સામાજિક કામકાજ અર્થે મેઘરજ તાલુકાના રાયવાડા (ભાથિપુરા) વતનમાં આવી પરત બાઈક લઈ નોકરી જવા નીકળેલ પોલીસકર્મીની બાઈકને બાંઠીવાડા ગામ નજીક અન્ય બાઈક ટક્કર મારતાં પોલીસકર્મી રોડ પર પટકાતાં શરીરે ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નિપજતા ભારે ચકચાર મચી હતી પોલીસ કાર્મીનું અકસ્માતમાં મોત નિપજતાં પરિવારજનો દોડી આવી આક્રંદ કરી મૂક્યું હતું અકસ્માતની ઘટનાની જાણ મેઘરજ પી.આઈ ભરવાડ ને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતક પોલીસકર્મીની લાશને પીએમ માટે દવાખાને ખસેડી



કાયદેસરની કાર્યવાહી કરી હતી . અમદાવાદ નારણપુરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અને મેઘરજ તાલુકાના રાયવાડા (ભાથિપુરા) ગામના રામાભાઇ લક્ષમણ ભાઈ ડામોર નામના પોલીસકર્મી વતનમાં સામાજિક કામકાજ અર્થે આવી રવિવારે ફરજ પર હાજર થવાનું હોવાથી શનિવારે રાત્રે વતનમાંથી બાઈક લઈ અમદાવાદ જવા નીકળ્યા હતા વતન નજીક બાંઠીવાડા ગામ નજીક પસાર થતા હતા ત્યારે સામેથી પુરપાટ ઝડપે આવી રહેલ બાઈક ચાલકે પોલીસકર્મીની બાઈકને ધડાકાભેર ટક્કર મારતા પોલીસકર્મી રોડ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળે મોત નીપજયું હતું પોલીસકર્મીનું અકસ્માતમાં મોત નિપજતા પરિવારજનો અને સગા-સંબંધી ઘટનાસ્થળે ઉમટયા હતા પોલીસકર્મીન મોત થી આઘાતમાં સરી પડ્યા હતાં અકસ્માતની ઘટનાની જાણ થતા મેઘરજ પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતક પોલીસના મૃતદેહને મેઘરજ સરકારી દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી પોલીસકર્મીન અકસ્માતમાં મોત નિપજતા સમગ્ર પંથક અને પોલીસબેડામાં શોકની લાગણી છવાઈ હતી .મેઘરજ પોલીસે રાયચંદભાઈ લક્ષમણભાઇ ડામોર ની ફરિયાદ ના આધારે અકસ્માત સર્જી ફરાર બાઈક ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# દાહોદમાં કોરોનાના વધુ ચાર દર્દીઓ સાજા થયા, હવે માત્ર ચાર એક્ટિવ કેસ



અભેસિંહ રાવલ દાહોદ

દાહોદની ઝાયડ્સ સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા કોરોના વાયરસના વધુ ચાર દર્દીઓ સાજા થઈ જતાં રજા આપવામાં આવી છે. કોરોના વાયરસના દાહોદમાં નોંધાયેલા ૪૪ પૈકી હવે માત્ર પાંચ જ એક્ટિવ કેસ રહ્યા છે. જોકે, એક દર્દી ગોધરા ખાતે સારવાર લઇ હેઠળ હોવાથી દાહોદમાં માત્ર ૪ જ એક્ટિવ કેસ છે. દાહોદમાં અત્યાર સુધી કોરોના વાયરસના નોંધાયેલા તમામ કેસો એસ્સ્ટોમેટિક રહ્યા છે. એટલે કે, દર્દીને કોરોના વાયરસ લાગું પડ્યો હોય પણ તેમનામાં એના કોઇ જ પ્રકારના લક્ષણ ના હોય તેવા દર્દીઓ. દાહોદમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બનાવવામાં આવેલી ડેડીકેટેડ કોવિડ-૧૯ હોસ્પિટલમાં તમામ દર્દીઓને સારવાર આપવામાં આવી રહી છે. અહીં ડો. મોહિત દેસાઇ અને તેમની ટીમ દ્વારા દર્દીઓને સઘન સારવાર આપવામાં આવતા દર્દીઓ તંદુરસ્ત થઇ રહ્યા છે. આજે રાજેશભાઈ મિકલભાઈ બારીયા (૩૦), યસ અમિત કડકીયા (૨૨), છત્રસિંહ રામસિંહ બારિયા (૪૭), ચૈતાલી મુનિયા (૨૫)ને આજે તાળીઓના ગડગડાટ સાથે હોસ્પિટલમાંથી વિદાય આપવામાં આવી હતી.



બુટલેગરો કોઈ પણ પરિસ્થિતિમાં સંઘપ્રદેશ દમણથી ગુજરાતમાં દારૂ લઈ આવવા અનેક આઈડિયા વાપરી રહ્યા છે. દમણ પોલીસને શુક્રવારે બાતમીના આધારે કલેરીયા સોમનાથ લાલજી-મુલજી ટ્રાંસપોર્ટ નજીકથી બિનવારસી હાલતમાં ટેમ્પો મળતા અંદરથી એચપી ગેસના બાટલાઓ મળી આવ્યા હતા. જેની ચકાસણી કરતા સિલિંડરના પાછળના ભાગે બનાવેલા ઢાંકણને ખોલતા અંદરથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

ફક્ત કોરોના પોઝીટીવ હોય એવા દર્દી ને મફતમાં સારવાર કરવા માટે નીચે આપેલ ફોન પર સંપર્ક કરો પતંજલિ તરફથી મફત આયુર્વેદિક સારવાર આપવા મા આવશે.

પતંજલિ ચિકિત્સાલય સાયન્સ સિટી:-

9429000714

આ ફોટો ને બને એટલો શેર કરો જેથી કોઈ જરૂરિયાતમંદ વ્યક્તિ ને મદદ મળી શકે.

# લ્યો તલાટીની જાણ વગર મહિલા સરપંચના પતિ એ ચેક ડેમનુ કામ પુરુ કરાવી દિધું



દાંતા તાલુકાની બાંમણિયા ગ્રામ પંચાયતમા તલાટી સતત ગેરહાજર રહેવાની ફરીયાદો અને સરપંચ મહિલા છે કે મહિલા સરપંચ ના પતિ સરપંચ છે તે પણ એક વિષય બાંમણિયા ગામમાં બની ગયો છે સરકારે મજુરી કરી રોજગાર મેળવવા આપેલાં લાભ જ્ઞ્મ અને ટ્રેક્ટરો દ્વારા કામો કરાવી મજુરી કરતા લોકોના લાભ સરપંચ દ્વારા છીનવી લેવામાં આવ્યા કોરોનાની મહામારી વચ્ચે ચાલી રહેલા સરકારી યોજનાઓ ના કામો ત્યારે સરકાર દ્વારા ધંધા રોજગારથી વંચિત લોકો માટે રોજગારી આપવા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા લોકોને રોજગાર મળે તે માટે નવી યોજનાઓ પાડવામાં આવી રહી છે કે મનરેગાની યોજનાઓ ખેત તલાવડી ચેક ડેમ જેવી અનેક યોજનાઓ સરકાર દ્વારા કરવામાં આવી છે લોકોને રોજગાર મળે તે માટે મનરેગા ના કામો મંજૂરો દ્વારા કરવાના હોય ત્યારે બાંભણીયા ગામમાં સરપંચ દ્વારા લોકોને રોજગાર આપવાના બદલે ગરીબ લોકો મહેનત કરવાની મંજૂરી ના હકના છીનવી સરકારના વિરુદ્ધ જઈ અને કામો ટ્રેક્ટરો અને જ્ઞ્મ દ્વારા કરાવ્યા ડીડીઓ સાહેબ દ્વારા તપાસ કરવામાં આવે મહિલા સરપંચ ના પતિ સરપંચ નો રોફ જમાવી સરપંચ અને તલાટી ની હાજરી વગર બાંમણિયાના ગામના બાજુમાં ટ્રેક્ટરો અને જ્ઞ્મ દ્વારા કામો રામ ભરોસે કરવામાં આવ્યા બાંમણીયામા સરપંચ મહિલા છે કે પછી તેમના પતિ આજ સુધી લોકો મુંજવણમાં મુકાઈ રહ્યા જીલ્લા વિકાસ અધિકારી દ્વારા કામોની તપાસ કરવામાં આવે તો મંજુરીથી વંચિત લોકોને રોજગાર મળે તેવી પ્રજાની માંગ ઉઠવા પામી રહી છે તંત્ર દ્વારા કેટલા દિવસમા સરપંચ પદે સરપંચ આવ્યા ત્યારથી આજદિન સુધીના કામોની તપાસ ઉચ્ચ કક્ષાના અધિકારીઓ દ્વારા કરવામાં આવે તો દુધનું દુધ અને પાણીનું પાણી સામે આવી જાય.. અહેવાલ લક્ષ્મણ ઠાકોર અંબાજી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.